P.09

દીપિકા પાદુકોણ ઘાયલ થયા પછી પણ કામ કરતી જોવા મળી



# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.09

જ્યારે મને ચિંતા થાય છે ત્યારે મારું વજન વધે છે : અર્જુન કપૂર



www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૯૩ । વિક્રમ સંવત ૨૦૮૧ : કારતક સુદ ૦૮ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 93 • Dt. 09-11-2024 Saturday • Page 10 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


મધ્ય આફ્રિકાના ઈક્વેટોરિયલ ગિનીમાં અધિકારીના ૪૦૦ સેક્સ વીડિયો વાયરલ

09




09
NOVEMBER- 2024
SATURDAY



09

બાગપતમાં ૫૦ વર્ષ જૂની મસ્જિદ તોડી પાડવાનો આદેશ । મુતવલ્લી ઉપર ૪.૧૨ લાખ જેટલો દંડ


A Project By
GIRIVAR BUILDCON

અલ્ટ્રા અમેનીટીઝ સાથે,

પ્રાઈમ લિવિંગ

@ NEW SHAHIBAUG

Sreevas

3 BHK & SHOPS





+91 95370 00497 | 77779 20026

Near S.B. Farm, New Shahibaug, Nana Chiloda - 382330

RERA NO. PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY.AUDA/MAA11835/230523 | GUJRERA1.GUJARAT.GOV.IN

FOR LOCATION

### દ્વારીકાએ આ વર્ષ ૫.૩૯ લાખ શ્રદ્ધાળુઓ ભગવાન શ્રી ક્રિષ્નના દર્શને આવ્યા હતા

## દિપાવલીમાં દ્વારિકામાં સૌથી વધુ પ્રવાસીઓ આવ્યા : સ્ટેચ્યુ ઓફ યુનિટીનું આકર્ષણ ઘટ્યું

**સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં ૨૦૨૩માં ૧.૭૬ લાખ સહેલાણીઓ આવ્યા હતા પણ ચાલુ વર્ષે ફક્ત ૧.૩૭ લાખ જ સહેલાણીઓ આવ્યા હતા**

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૮ ।

ગુજરાતમાં હવે દિપાવલીથી ક્રિસમસ અને સાતમ આઠમના તહેવારોમાં રાજયના અંદરજ આવેલા ધાર્મિક સ્થળોના પ્રવાસને વેગ આપી રહ્યા છે જેના કારણે હવે ગુજરાત રીલીજીયસ ટુરીઝમ એ એક નવી ઉંચાઈએ પહોંચી તો ગયું છે તો સ્ટેચ્યુ ઓફ યુનિટી તેનું આકર્ષણ ગુમાવી રહ્યું છે.





દ્વારીકાએ આ વર્ષ ૫.૩૯ લાખ શ્રદ્ધાળુઓ ભગવાન શ્રી ક્રિષ્નના દર્શને આવ્યા હતા જે ગત વર્ષની ૪.૧૮ લાખની સંખ્યા કરતા વધુ હતુ તો સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં ૨૦૨૩માં ૧.૭૬ લાખ સહેલાણીઓ આવ્યા હતા પણ ચાલુ વર્ષે ફકત ૧.૩૭ લાખ જ સહેલાણીઓ આવ્યા હતા. ગુજરાતમાં આંતરિક અને પાડોશી રાજયમાંથી પ્રવાસીઓ આવવાનું પ્રમાણ એકંદર વધી ગયુ છે.

રાજયના પાંચ સૌથી વધુ ટુરીસ્ટ પહોંચ્યા તેમાં દ્વારીકા બાદ બીજો ક્રમ અંબાજીનો આવે છે જયાં ગત વર્ષના ૩૪૫ લાખ શ્રદ્ધાળુઓ સામે આ વર્ષ ૩.૯૩ લાખ નોંધાયા હતા તો પાવાગઢમાં ૩.૨૧ લાખ (ગત વર્ષ ૩.૧૪ લાખ) સોમનાથ ૩ લાખ (ગત વર્ષ ૨.૭૨ લાખ) ટુરીસ્ટ આવ્યા હતા.

આમ ગુજરાતમાં દ્વારીકા-સોમનાથ-અંબાજીના દેવસ્થાન મુખ્ય આકર્ષણ બની રહ્યા છે તે જોતા રાજય સરકારે હવે ટુરીઝમ સર્કીટને વધુ વિકસીત કરવા તૈયારી કરી છે. સોમનાથમાં જે રીતે કોરીડોર બનાવાયા તેથી દર્શનાર્થીઓની સુવિધા વધી છે તેથી વધુ દેવસ્થાનને તે રીતે ડેવલપ કરાશે. ધાર્મિક સ્થળો ઉપરાંત ચાલુ વર્ષે ૧૮ ઓકટોબરથી ગીર-સિંહદર્શન ફરી શરૂ થતા ત્યાં પણ દિપાવલી ધસારો નોંધાયો હતો.

ગીર જંગલ સફારીનો આનંદ ૩૮૧૧૭ લોકોએ દિવાળીના તહેવારોમાં જ લીધો હતો. જયારે વડનગર-સર્કીટમાં ૩૧૫૯૯, નડાબેટમાં ૩૧૨૫૬, ગીરનારમાં ૨૯૪૩૧, મોઢેરા સૂર્યમંદિર ૨૨૪૮૮, ભુજના સ્મૃતિવનમાં ૧૫૪૯૦ સહેલાણી પહોંચ્યા હતા. ગુજરાત ટુરીઝમ હવે રીલીજીયસ સર્કીટમાં લોકોની સુવિધા વધારવા પાર્કીંગની ખાસ સુવિધા ઉભી કરવાની તૈયારી કરી છે. આસપાસના દબાણો દુર કરીને જરૂર પડે તો ખાસ રોપ-વે સહિતની સુવિધા ઉભી કરાશે. રાજયમાં આંતરિક પ્રવાસને વેગ મળે તે રીતે કનેકટીવીટી વધે તે પણ ટુરીઝમ વિભાગ જોવા માંગે છે.ગુજરાતમાં હવે દિપાવલીથી ક્રિસમસ અને સાતમ આઠમના તહેવારોમાં રાજયના અંદરજ આવેલા ધાર્મિક સ્થળોના પ્રવાસને વેગ આપી રહ્યા છે.

## ભાઈ ગે છે' ખબર પડતાં જેઠે ઉઠાવ્યો લાભ, વહુ સાથે દુષ્કર્મ કર્યું

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૮ ।

ગાંધીનગરમાં રહેતા એક યુવાને પોતાની સમલૈંગિકતા છુપાવીને લગ્ન કર્યાં અને પછી ઘેર આવેલી પત્ની પર જુલમ ગુજાર્યો આ દરમિયાન પોતાનો નાનો નાઈ ગે છે એવી ખબર પડી જતાં જેઠે પણ તકનો લાભ લીધો અને નાના ભાઈની વહુ સાથે છેડતી શરુ કરી અને એક વાર તો રેપનો પ્રયાસ કર્યો હતો અને નફફટ થઈને બોલ્યો કે તને બાળકો અપાવવામાં મદદ કરીશ. આ આઘાતજનક ઘટના ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં બની છે.૨૯ વર્ષીય મહિલાએ ગાંધીનગર મહિલા પોલીસમાં તેના પતિ પર તેની સમલૈંગિકતા છુપાવવાનો આરોપ લગાવીને ફરિયાદ નોંધાવી હતી. કોર્પોરેટ કંપનીમાં કામ કરતી મહિલા તેની એફઆઈઆરમાં જણાવ્યું હતું કે તેણે ૫ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ કલોલના એક વ્યક્તિ સાથે લગ્ન કર્યા હતા. તેણે જણાવ્યું હતું કે લગ્ન પછી તરત જ તેના પતિ અને સાસરિયાઓએ પૂરતું દહેજ ન લાવવા માટે તેને ટોણા મારવાનું શરૂ કર્યું હતું.

## દીવમાં ફરવા ગયેલા બે મુસાફરો ચાકુની અણીએ બે મુસાફરો લૂંટાયા

। પ્રતિનિધિ, ગીરસોમનાથ,તા.૮ ।

દિવાળી વેકેશનમાં દીવ પ્રવાસીઓથી ઉભરાયું છે. આવામાં દીવ ફરવા આવનાર પર્યટકો માટે લાલબત્તી સમાન કિસ્સો બન્યો છે. બે પર્યટકો ચાકુની અણીએ લૂંટાયા છે. બોટાદ જિલ્લાના સ્વામીના ગઢડાથી બાઈક પર આવેલા બે પિતરાઈ ભાઈઓ દીવ ફરવા આવતા રાત્રિના સમયે લૂંટાયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, હાલ દીવની તમામ હોટલ હાઉસફુલ છે. રાત્રિના સમયે દીવમાં દિવાળીની સીઝન હોવાથી રહેવા હોટેલ રૂમ નહિ મળતાં રૂમ આપવાના બહાને બંને યુવકોને અન્ય બાઈક પર આવેલા બે શખ્સોએ લૂંટ્યા હતા. કેન્દ્ર શાસિત પ્રદેશ દીવની બહાર ઉના તાલુકાના નાળીયા માંડવી ગામના અવાવરું વિસ્તારમાં લઈ જઈ છરીની અણીએ બંને યુવકો પાસેથી ત્રણ મોબાઈલ અને ૧૧ હજાર રોકડની લૂંટ ચલાવી હતી. નવા બંદર મરીન પોલીસને જાણ થતાં રાત્રિના સમયે તપાસ આદરી હતી.

## મુખ્યમંત્રી હિંમતનગરથી ટેકાના ભાવે મગફળી ખરીદીનો પ્રારંભ કરાવશે

। પ્રતિનિધિ,ગાંધીનગર, તા. ૮ ।

ગુજરાતમાં મગફળીના મબલખ ઉત્પાદનને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા મગફળી પકવતા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવાનો નિર્ણય કરી સુયોગ્ય આયોજન કર્યું છે, તેમ કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું.કૃષિ મંત્રી રાઘવજીભાઈએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, સાબરકાંઠાના હિંમતનગર ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગામી તા.૧૧ નવેમ્બરના રોજ એકસાથે રાજ્યભરના ૧૬૦થી વધુ ખરીદ કેન્દ્રો ખાતે મગફળીની ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ કરાવશે. ટેકાના ભાવે મગફળીનું વેચાણ કરવા માટે અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૩,૩૩,૦૦૦થી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે. નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી રૂ.૧,૩૫૬.૬૦ પ્રતિ મણના ભાવે પૂરતા પ્રમાણમાં મગફળીની ખરીદી કરવામાં આવશે. કોઈપણ અફવાઓ કે વાતોમાં આવ્યા વગર ટેકાના ભાવે વેચાણનો લાભ લેવા રાજ્યભરના ખેડૂતોને અનુરોધ કરતા મંત્રી રાઘવજી પટેલે કહ્યું હતું કે, ભારત સરકારની તાજેતરની જાહેરાત મુજબ એક દિવસમાં એક ખેડૂત પાસેથી વિસ્તાર આધારિત મહત્તમ ૪,૦૦૦ કિ.ગ્રા એટલે કે, ૨૦૦ મણ મગફળીની ખરીદી કરવામાં આવશે. ખેડૂતોની લાગણી અને માંગણીને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે વેચાણ માટે નોંધણીની તારીખ લંબાવવામાં આવી છે.

### ૬૨ ગ્રામથી વધુ બ્રાઉન સુગરનો જથ્થો જપ્ત કર્યો

## રાજકોટની રામાપીર ચોકડી નજીક એસઓજી ટીમેં બ્રાઉન સુગર સાથે એક શખ્સને ઝડપ્યો

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૮ ।

રાજકોટમાં ચાલતા નશાના કાળા કારોબરનો રાજકોટ પોલીસના સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપ દ્વારા પર્દાફાશ કર્યો છે. શહેરની રામપીર ચોકડી પાસેથી એક શખ્સને ૬૨.૭૨ ગ્રામ બ્રાઉન સુગર સાથે દબોચી લીધો હતો. ૩.૨૪ લાખના બ્રાઉન સુગર પોલીસે કબ્જે કરી તપાસ શરૂ કરી છે. રાજકોટ પોલીસના સકંજામાં કેતન અશોકદાન ગઢવી અને પુર્ણેશ શેરપાલ નામના આરોપીઓ આવ્યા છે. આ બન્ને શખ્સો પર રાજકોટમાં બ્રાઉન સુગર લઈ આવી વેચાણ કરવાનો આરોપ છે. સમગ્ર મામલા પર નજર કરીએ તો, રાજકોટ પોલીસના સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપને બાતમી મળી હતી કે, શહેરના ૧૫૦ ફૂટ રિંગ રીડ પર આવેલી રામદેવપીર ચોકડી નજીક એક શખ્સ બ્રાઉન સુગર સાથે પસાર થવાનું છે. જે બાતમી આધારે પોલીસે વોચ ગોઠવી હતી. એ દરમિયાન રામદેવપીર ચોકડીના પુલ નીચેથી રોડ ઉપરથી ડ્રાઈવિંગ કરતા કેતન અશોકદાન ગઢવી શંકાસ્પદ જણાતા પોલીસે તપાસી લીધી. જેમાં તેની પાસે થી ૬૨.૭૨ ગ્રામના બ્રાઉન સુગર મળી આવ્યું હતું. પોલીસે આરોપી કેતનની પૂછપરછ કરતા તેની સાથે તેનો ભાગીદાર પુર્ણેશ શેરપાલ હોવાનું ખુલ્યું હતું. પોલીસે રૂ. ૩,૧૩,૬૦૦ના બ્રાઉન સુગર સાથે બન્ને શખ્સોની ધરપકડ કરી ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એકટની કલમ ૮ (સી), ૨૧(બી) મૂજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.રાજકોટ પોલીસની તપાસમાં સામે આવ્યું હતું કે, આરોપી કેતન ગઢવી નેપાળની બોર્ડરથી બ્રાઉન સુગર નેપાળી શખ્સ પાસેથી રીસીવ કરી રાજકોટ લઈ આવતો હતો. અહીં તેનો નેપાળી ભાગીદાર પુર્ણેશ શેરપાલ બ્રાઉન સુગર નેપાળી શખ્સોને વેંચાતો હતો. રાજકોટમાં રહેતાં ફક્ત નેપાળી શખ્સોને જ માલ સપ્લાય કરતો હતો. આરોપી કેતન ગઢવી ૧૩ મહિનાથી બ્રાઉન સુગરની ખેપ મારતો અને તેની આ ૧૩મી ખેપ હતી. કેતન ગઢવી અને નેપાળી શખ્સ પૂર્ણેશ શેરપાલ બંને ભાગીદારીમાં ધંધો કરતાં જેમાં નેપાળથી બ્રાઉન સુગર કેતન લઈ આવતો અને અહીં નેપાળી શખ્સ વેંચાણ કરતો હતો.

## ગુજરાતથી યાત્રા પર નીકળેલા શ્રદ્ધાળુઓને અયોધ્યાથી મથુરા જતી વખતે નડ્યો અકસ્માત,

। પ્રતિનિધિ, ફિરોઝાબાદ, તા.૮ ।

ગુજરાતથી યાત્રા પર નીકળેલા ભક્તોથી ભરેલી બસ શુક્રવારે વહેલી સવારે નસીરપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આગરા-લખનૌ એક્સપ્રેસ વે પર અકસ્માતનો ભોગ બની હતી. અયોધ્યાથી મથુરા વૃંદાવન જતી વખતે બસ ઉભી રહેલી ટ્રોલી સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. આ સિવાય ૧૨ લોકો ગંભીર રીતે ઘાયલ હોવાનું કહેવાય છે. ઘાયલોને જિલ્લા હોસ્પિટલ અને સંયુક્ત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માતનો ભોગ બનેલા લોકો ગુજરાતના દાદરા અને નગર હવેલીના રહેવાસી હોવાનું કહેવાય છે.અધિક પોલીસ અધિક્ષક, ગ્રામીણ, અખિલેશ ભદૌરિયાએ જણાવ્યું કે, આ દુર્ઘટના શુક્રવારે સવારે ફિરોઝાબાદ જિલ્લાની સરહદમાં આગ્રા-લખનૌ એક્સપ્રેસ વે પર નસીરપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. બસ અયોધ્યાથી મથુરા તરફ શ્રદ્ધાળુઓને લઈને જઈ રહી હતી.

## અંબાજીમાં સગીરા પર સામૂહિક દુષ્કર્મની ઘટનાથી ચકચાર

। પ્રતિનિધિ, અંબાજી, તા.૮ ।

છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં ગુનાખોરીના ગ્રાફ ઉંચો જઈ રહ્યો છે. સતત ચોરી, લૂંટ, હત્યાના બનાવોની સાથે સાથે બળાત્કારની ઘટનાઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ત્યારે વિશ્વ પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીમાં સગીર પર સામૂહિક બળાત્કારની ઘટના સામે આવી છે. મળતી માહિતી અનુસાર ૧૫ વર્ષીય સગીરા પોતાના મોટા પપ્પાના ઘરે જવા નિકળી હતી. તે દરમિયાન ઓળખીતા વ્યક્તિએ તેને બાઈક પર બેસાડી લીધી હતી. ત્યારબાદ અવાવરુ જગ્યાએ લઈ જઈ ૬ નરાધમોએ સાથે મળીને સામૂહિક બળાત્કારને અંજામ આપ્યો હતો. આ ઘટનાને લઈને સમગ્ર પંથકમાં હાહાકાર મચી જવા પામ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર વિશ્વ પ્રસિદ્ધ પવિત્ર યાત્રાધામમાં કલંકરૂપ ઘટના સામે આવી છે. ઓળખીતો વ્યક્તિ પીડિતાને બાઈક પર લઈ ગયો હતો.




### મુખ્યમંત્રી અમદાવાદમાં આયોજિત ફિક્કીની નેશનલ એક્ઝીક્યુટીવ મિટના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કર્યું

# ભારત વિશ્વની ત્રીજી મોટી આર્થિક મહાસત્તા બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે : મુખ્યમંત્રી

**વડાપ્રધાને "નેશન ફર્સ્ટ"ના ભાવથી વિકાસના કેવા ઊંચા લક્ષ્યો અને પરિણામો સિદ્ધ કરી શકાય તેનું ઉદાહરણ દેશ અને દુનિયાને પૂરું પાડ્યું**

। અમદાવાદ,તા.૮ ।



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાને "નેશન ફર્સ્ટ"ના ભાવથી વિકાસના કેવા ઊંચા લક્ષ્યો અને પરિણામો સિદ્ધ કરી શકાય તેનું ઉદાહરણ દેશ અને દુનિયાને પૂરું પાડ્યું છે.મુખ્યમંત્રી અમદાવાદમાં આયોજિત ફિક્કીની નેશનલ એક્ઝીક્યુટીવ મિટના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં ભારત વિશ્વની ત્રીજી મોટી આર્થિક મહાસત્તા બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. વડાપ્રધાનશ્રીએ પાછલા દશકમાં જે ઈનીશિએટીવઝ લીધા તેના પરિણામે ભારત આત્મનિર્ભરતાથી વિકાસ રાહે દોડતું થયું છે.એટલું જ નહીં, તાજેતરમાં આઈએમએફના અહેવાલમાં પણ એવા નિર્દેશ આપવામાં આવ્યા છે કે ભારતનો વિકાસ દર ૭ ટકા જેટલો એટલે કે વિશ્વના વિકસિત દેશો કરતા પણ વધુ રહેવાનો છે.મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, વિઝનરી સોચ અને આયોજનબદ્ધ વિકાસની નેમ હોય તો સ્થિતિ કેવી બદલી શકાય તે વડાપ્રધાન નરેન્દ્રના દિશાદર્શનમાં ગુજરાતે દેશના ગ્રોથ એન્જિન તરીકે પુરવાર કર્યું છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, ૨૦૦૧માં જ્યારે મોદીએ ગુજરાતનું શાસન દાયિત્વ સંભાળ્યું ત્યારે રાજ્ય સામે ભૂકંપની આફત સહિત અનેક પડકારો હતા. પડકારોને તકમાં પલટાવી વિકાસ માટે નિરંતર આગળ વધવાનો આગવો મિજાજ ધરાવતા શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે પ્રજાકીય સહયોગથી પુરુષાર્થ કરીને આજે દેશમાં વિકાસના રોલ મોડેલનું ગૌરવ મેળવ્યું છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અંગેની પ્રભાવક પ્રસ્તુતિ કરતા કહ્યું કે, ગુજરાતે વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં રોડ-રસ્તાનું નેટવર્ક હોરીઝોન્ટલ અને વર્ટિકલ બેય રીતે વિકસાવ્યું અને છેક છેવાડાના ગામો સુધી કનેક્ટિવિટી પૂરી પાડી છે.૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયા કિનારો દેશના સામુદ્રિક વેપારનું પ્રવેશદ્વાર બનાવ્યો તથા ગુજરાતને ટ્રેડ-કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ગ્લોબલ મેપ પર ચમકાવવાની સફળતા ૨૦૦૩થી વાઈબ્રન્ટ સમિટ શરૂ કરીને મેળવી તેની પણ ભૂમિકા મુખ્યમંત્રીએ આપી હતી.ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, રાજ્યમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ૨૦૦૧માં ૪૪,૮૮૬ કરોડથી વધીને ૨૦૨૨-૨૩માં ૬.૭૦ લાખ કરોડ તથા વીજ ઉત્પાદન ક્ષમતા ૮,૭૫૦ મેગાવોટથી વધીને ૨૦૨૩-૨૪માં ૫૨,૯૪૫ મેગાવોટ થઈ છે.મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ફિક્કી ગુજરાતની ગ્રોથ સ્ટોરીનું પ્રત્યક્ષ સાક્ષી રહ્યું છે તથા વાઈબ્રન્ટ સમિટમાં સહભાગી થતું રહ્યું છે તેનો વિશેષ ઉલ્લેખ કરતા કહ્યું કે, અર્થવ્યવસ્થાપન માટે કેટાલિસ્ટ તરીકે કામ કરતું આ સંગઠન વિકસિત ભારત ૨૦૪૭ માટે વિકસિત ગુજરાતના નિર્માણમાં સહયોગી બનશે.

### સિગ્નલો પર ભીખ માંગતા બાળકોને લઈ ખુલાસો

# ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા ભીખ મંગાવવાના નેટવર્કનો પર્દાફાશ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૮ ।

રાજ્યમાંથી ચાઈલ્ડ તસ્કરીને નાથવા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ઉપરાંત મહિલા ક્રાઈમ બ્રાન્ચ સહિતની ટીમ દ્વારા રાજ્યના અલગ અલગ વિસ્તારમાં સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. સર્ચ ઓપરેશનમાં મળેલા બાળકો અને તેમના વાલીઓની પૂછપરછના આધારે એજન્ટો અને નેટવર્કનો પર્દાફાશ થયો છે.અમદાવાદમાં ઠેર – ઠેર સિગ્નલો પર ભીખ માગવા માટે ઉભા રહેતા બાળકોને લઈને ચોંકાવનારી ઘટના સામે આવી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ભીખ મંગાવવાના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. એસ. જી. હાઈવે અને સીજી રોડ પર બાળકો પાસે ભીખ મંગાવતા હોવાનો ખુલાસો થયો છે.આરોપીઓ એક બાળક પાસેથી દૈનિક ૧૫૦ રુપિયા વસૂલતા હતા. જ્યારે બાળક પરિવાર સાથે અથવા અન્ય બાળકો સાથે ભીખ માંગતા હોય તો તેમની પાસેથી ૫૦૦ રુપિયા વસૂલતા હતા. અગાઉ બાળકો પાસેથી ભીખ મંગાવનારા સામે ગુનો દાખલ કરાયો હતો.લાંબા સમયની તપાસ બાદ ૨ એજન્ટ પકડવામાં ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી છે. તેમજ રાજસ્થાન સિવાય અન્ય રાજ્યમાંથી પણ બાળકો લાવવામાં આવતા હતા કે નહીં, આ ઉપરાંત બાળકોને ગુજરાતમાં લાવી ક્યાં મોકલવામાં આવતા હતા.

## સુરતમાં માંગરોળ ગેંગરેપ કેસમાં પોલીસે ફક્ત ૧૫ જ દિવસમાં ચાર્જશીટ રજૂ કરી

। પ્રતિનિધિ, સુરત,તા.૮ ।

સુરતના માંગરોળના મોટા બોરસરા ગામમાં સામૂહિક બળાત્કારની ઘટના સામે આવી છે, જેમાં પોલીસે ૧૫ દિવસમાં ચાર્જશીટ રજૂ કરી છે, ત્યારબાદ ૧૧ નવેમ્બરથી સુરત કોર્ટમાં ટ્રાયલ શરૂ થશે, ત્યારબાદ સમગ્ર ઘટનાની તપાસ ૧૫ દિવસમાં. પૂર્ણ કરવામાં આવી હતી.પોલીસે ૩૦૦૦ પાનાની ચાર્જશીટ રજૂ કરી હતી જેમાં ત્રણ આરોપી હતા અને શિવશંકરનું મૃત્યુ થયું હતું. ૯૬ દસ્તાવેજી પુરાવાના આધારે ચાર્જશીટ તૈયાર કરવામાં આવી છે. મુન્ના ઉર્ફે ખલબલી પાસવાન, રામજીવન સામે કેસ દાખલ કરવામાં આવશે. ત્યારબાદ સુરતમાં ૧૧ નવેમ્બરથી કોર્ટ ટ્રાયલ શરૂ થશે.સમગ્ર ઘટના તબીબી અને ડિજિટલ પુરાવાથી લઈને સ્પેક્ટ્રોસ્કોપી પરીક્ષણો સુધીના કેસ રિપોર્ટ્સ પર આધારિત છે. ઘટના ૮ ઓક્ટોબર ૨૦૨૪ની છે.







## તંત્રી લેખ...

# વિકાસ માટેની કિંમત

વિશ્વમાં એકબીજાથી આગળ નિકળવા માટેની ગળાકાપ સ્પર્ધાના કારણે ઊભારે નુકસાન થઈ રહ્યુ છે. માનવી આના માટે ધરતીના સંશાધનોને એટલી ઝડપથી ખતમ કરી રહ્યો છે કે તેની ક્ષતિપૂર્તિ કરવાની બાબત તેના માટે શક્ય જ નથી. આ બાબતને અમે સિદ્ધાંતની દ્રષ્ટિથી પહેલાથીજ જાણીએ છીએ. જો કે આંતરરાષ્ટ્રીય રિસર્ચ સંગઠન ગ્લોબલ ફુટપ્રિન્ટ નેટવર્ક દ્વારા વાજબી અને સત્તાવાર રીતે ગણતરી કરીને હવે કહ્યુ છે કે વિચાર કર્યા વગર આડેધડ સંશાધનોના ઉપયોગના કારણે પૃથ્વીના સંશાધનોને અમે ઝડપથી ખતમ કરી રહ્યા છીએ. આ સંશાધનો હવે ખતમ થવાની નજીક છે. આ તારીખ પણ હવે નજીક પહોંચી રહી છે. જીએફએનના પોતાના રિપોર્ટમાં કહ્યુ છે કે પૃથ્વી દર વર્ષે પોતાના સંશાધનોના કેટલાક હિસ્સાને પુર્નિમિત કરી શકે છે. સાથે સાથે માનવી તેની આ ક્ષમતા કરતા કેટલા વધારે પ્રમાણમાં સંશાધનોનુ નુકસાન કરી રહ્યા છે. આ સિલસિલો ૧૯૭૦ના દશકથી શરૂ કરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદના કેટલાક અપવાદના વર્ષોને બાદ કરતા દર વર્ષે ઉલ્લંઘનની હદ વધી રહી છે. ૨૦ વર્ષ પહેલા સ્થિતી એ હતી કે વર્ષ ભરના સંશાધનો ના ક્વોટાને ૩૦મી સપ્ટેમ્બરના દિવસે પૂર્ણ થઈ જતા હતા. આ તારીખને ઓવરશુટ ડે તરીકે ગણવામાં આવે છે. દસ વર્ષમાં આ તારીખ હવે ખસીને ૧૫મી ઓગષ્ટ સુધી પહોંચી ગઈ છે. આ વર્ષે ગયા વર્ષની તુલનામાં બે દિવસ પાછળ છે અને તારીખ પહેલી ઓગષ્ટ થઈ ગઈ છે. એટલે કે સાલના બાકીના પાંચ મહિનામાં જે સંશાધનોનો ઉપયોગ કરવામાં આવશે તે સંશાધન ભવિષ્ય માટે લેવામાં આવનાર સંશાધન તરીકે રહેશે. કહેવા માટેની કોઈ જરૂર નથી કે ભવિષ્યની કિંમતપર વર્તમાનને ચકાચક બનાવી રાખવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ વૃતિ સર્વનાશના પળને ઝડપથી અમારી નજીક લાવી રહી છે. સારી બાબત એ છે કે આ પ્રક્રિયા હજુ સુધી બેકાબુ થઈ નથી. સાવધાનીપૂર્વક જો આગળ વધવામાં આવે તો આ ગતિવિધીને રોકી શકાય છે. કારણ કે સંશાધનોનો ઉપયોગ સીધી રીતે અમારા વિકાસ સાથે અને તેની ગતિ સાથે જોડાયેલા છે. જેથી જેમ જ વિકાસની ગતિ કોઈ કારણસર ધીમી પડે છે ત્યારે આ મોરચે રાહત મળવા લાગી જાય છે. વર્ષ ૨૦૦૭-૦૮ની મંદીના કારણે ઓવરશુટ ડેને પાંચ દિવસ આગળ ધકેલી દેવામાં સફળતા મળી હતી. પરંતુ કયાં દેશની કઈ સરકાર મંદીને આમંત્રણ આપવા ઈચ્છશે. રોજી રોજગાર, કામ ધંધા, વિકાસ તો તમામ લોકોને જોઈએ છે. પરંતુ સરકારો જીડીપીની ગણતરી કરતી વેળા કેટલીક બાબતોને ધ્યાનમાં રાખે તે જરૂરી છે. સંશાધનોનો સાવધાનીપૂર્વક ઉપયોગ કરવામાં આવે તે સમયની જરૂરિયાત છે.

## થોડું હટકે...

# વધુ કેલોરીનો ઉપયોગ જોખમી

પોતાના આરોગ્ય પ્રત્યે જાગરૂક રહેલા લોકો હમેંશા ભોજનમાં પ્રોસેસ્ડ ફુડથી બચવાના પ્રયાસ કરે છે. પ્રોસેસ્ડ ફુડનો ઉપયોગ કરનાર લોકો બીજા લોકોની તુલનામાં વધારે પ્રમાણમાં કેલોરીનો ઉપયોગ કરે છે. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં પણ ફરી સાબિતી મળી ગઈ છે કે વજન વધવાના સીધા સંબંધ પ્રોસેસ્ડ ફુડ સાથે રહેલા છે. પોતાના આરોગ્યને લઈને સાવધાન રહેલા લોકો આને લઈને કોઈ ભુલ કરતા નથી. વિશ્વ આરોગ્ય સંગઠનના કહેવા મુજબ દુનિયાભરમાં ગંભીર બિમારીનુ મુખ્ય કારણ પ્રોસેસ્ડ ફુડ છે. અભ્યાસમાં એવુ પણ જાણવા મળ્યુ છે કે હાર્ટ અટેક, હાર્ટને લગતી અન્ય સમસ્યા, ડાયાબિટીસ અને ઓછી વયમાં મૃત્યુ જેવા બનાવો માટેના કારણ પણ પ્રોસેસ્ડ ફુડ છે. રસાયણોના ઘાતક મિશ્રણ સાથે આ ચીજો બનાવવામાં આવે છે. આમાં ખાંડ અને મીઠાનુ પ્રમાણ વધારે પડતુ રાખવામાં આવે છે. આવી રીતે આ તમામ પેક તૈયાર કરવામાં આવે છે. આ તમામ મળીને શરીરની અંદર નુકસાન કરે છે. આના કારણે શરીરમાં ફાઈબર અને એન્ટીઓક્સીડન્ટની કમી થઈ જાય છે. આ ઉપરાંત તે દિમાગના એ હિસ્સામાં વધારે અસર કરે છે જેના કારણે આ પ્રકારની ચીજોની વ્યક્તિને ટેવ પડતી જાય છે. આના કારણે જરૂરી પૌષણ મળતા નથી. કેટલાક વર્ષોના ઉંડા અભ્યાસ બાદ આ બાબતની સાબિતી મળી ગઈ છે કે વજન ઓછુ રાખવા અને તેને નિયંત્રિત કરવા માટે આપને કોઈ પણ પ્રકારના ડાયટિંગની કોઈ જરૂર નથી. જરૂર માત્ર ભોજનના વિકલ્પને સાવધાનીપૂર્વક પસંદ કરવાની રહેલી છે. આમાં એક હિસ્સો પ્રોસેસ્ડ ફુડથી સંપૂર્ણપણે દુર રહેવાની બાબત પણ સામેલ છે. વધારે પ્રમાણમાં કેટલાક લોકો કેલોરીયુક્ત ડાઈટ લે છે પરંતુ સાવધાનીપૂર્વક આનો ઉપયોગ કરવામાં આવે છે. વૈપાનિકો પણ હવે તો પ્રોસેસ્ડ ફુડની સાઈડ ઈફેક્ટ અંગેની ચેતવણી આપી રહ્યા છે. આના કારણે વજન વધે છે. નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ હેલ્થના શોધ કરનાર લોકોએ શોધ્યુ છે કે જે લોકો પ્રોસેસ્ડ ફુડ ખાતા હોય છે તે બીજા લોકોની તુલનામાં પોતાના શરીરમાં ૫૦૦ કેલોરી વધારે લે છે. એટલે કે સપ્તાહમાં ૩૫૦૦ કેલોરી વધારે લે છે. આના કારણે દરેક સપ્તાહમાં આશરે અડધા કિલોગ્રામ વજન વધી જાય છે. આ ફુડથી દુર રહીને એક દિવસમાં ૫૦૦ કેલોરી ઓછી ખાવા પર સપ્તાહમાં સપ્તાહમાં ૩૫૦૦ કેલોરી શરીરમાં ઓછી જશે. આના કારણે દરેક સપ્તાહમાં અડધા કિલો વજન ઘટી શકે છે.



વિશેષ
નરેન્દ્ર મોદી

### રતન ટાટા જી આપણને છોડીને ગયા તેને એક મહિનો થઈ ગયો છે

**ધમધમતા શહેરો અને નગરોથી માંડીને ગામડાઓ સુધી,રતન ટાટા ગેરહાજરી સમાજના દરેક વર્ગમાં ઊંડે અનુભવાય છે અનુભવી ઉદ્યોગપતિઓ, ઉભરતા ઉદ્યોગસાહસિકો અને મહેનતુ વ્યાવસાયિકો તેમની ખોટ પર શોક વ્યક્ત કરે છે**

# અન્યોના સપના પ્રત્યે રતન ટાટાનું અતૂટ સમર્થન તેમની સૌથી મોટી વિશેષતાઓમાંથી એક હતી

**રતન ટાટાના નેતૃત્વ હેઠળ, ટાટા ગ્રૂપે વિશ્વભરમાં આદર, પ્રામાણિકતા અને વિશ્વસનીયતાને મૂર્ત સ્વરૂપ આપતા નવી ઊંચાઈઓને સ્પર્શ્યું**

રતન ટાટા જી આપણને છોડીને ગયા તેને એક મહિનો થઈ ગયો છે. ધમધમતા શહેરો અને નગરોથી માંડીને ગામડાઓ સુધી, તેમની ગેરહાજરી સમાજના દરેક વર્ગમાં ઊંડે અનુભવાય છે. અનુભવી ઉદ્યોગપતિઓ, ઉભરતા ઉદ્યોગસાહસિકો અને મહેનતુ વ્યાવસાયિકો તેમની ખોટ પર શોક વ્યક્ત કરે છે. પર્યાવરણ પ્રત્યે પ્રખર અને પરોપકાર માટે સમર્પિત લોકો પણ એટલા જ દુ:ખી છે. તેમની ગેરહાજરી માત્ર દેશભરમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ઊંડે અનુભવાઈ રહી છે.યુવાનો માટે, શ્રી રતન ટાટા એક પ્રેરણા હતા, જે એક યાદ અપાવે છે કે સપનાઓ અનુસરવા યોગ્ય છે અને સફળતા કરુણા તેમજ નમ્રતા સાથે મળી શકે છે. અન્ય લોકો માટે, તેમણે ભારતીય ઉદ્યમની શ્રેષ્ઠ પરંપરાઓ અને અખંડિતતા, શ્રેષ્ઠતા અને સેવાના મૂલ્યો પ્રત્યે અડગ પ્રતિબદ્ધતાનું પ્રતિનિધિત્વ કર્યું. તેમના નેતૃત્વ હેઠળ, ટાટા ગ્રૂપે વિશ્વભરમાં આદર, પ્રામાણિકતા અને વિશ્વસનીયતાને મૂર્ત સ્વરૂપ આપતા નવી ઊંચાઈઓને સ્પર્શ્યું.



આમ છતાં, તેમણે તેમની સિદ્ધિઓને હળવાશથી, નમ્રતા અને દયા સાથે સ્વીકારી હતી. અન્યોના સપના પ્રત્યે શ્રી રતન ટાટાનું અતૂટ સમર્થન તેમની સૌથી મોટી વિશેષતાઓમાંથી એક હતી. તાજેતરના વર્ષોમાં, તેઓ ભારતના સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને માર્ગદર્શન આપવા અને ઘણા આશાસ્પદ સાહસોમાં રોકાણ કરવા માટે જાણીતા બન્યા. તેમણે યુવા ઉદ્યોગ સાહસિકોની આશાઓ અને આકાંક્ષાઓને સમજી અને ભારતના ભવિષ્યને આકાર આપવાની તેમની પાસે રહેલી ક્ષમતાને ઓળખી. તેમના પ્રયાસોને સમર્થન આપીને, તેમણે સ્વપ્ન જોનારાઓની પેઢીને હિંમતભેર જોખમો લેવા અને સીમાઓને આગળ ધપાવવા માટે સશક્તિકરણ કર્યું. આ નવીનતા અને ઉદ્યોગસાહસિકતાની સંસ્કૃતિ બનાવવા માટે એક લાંબો રસ્તો કાપ્યો છે, જેને લઈને મને વિશ્વાસ છે કે આવનારા દાયકાઓ સુધી ભારત પર તેની સકારાત્મક અસર પડતી રહેશે.તેમણે હંમેશા ઉત્કૃષ્ટતાની તરફદારી કરી અને ભારતીય સાહસિકોને વૈશ્વિક બેન્ચમાર્ક નિર્ધારિત કરવા માટેનો આગ્રહ કર્યો. મને આશા છે કે આ દ્રષ્ટિ આપણા ભાવિ નેતાઓને ભારતને વિશ્વ સ્તરની ગુણવત્તાનો પર્યાય બનાવવા માટે પ્રેરણા આપશે.તેમની મહાનતા માત્ર બોર્ડરૂમ અથવા સાથી માનવોને મદદ કરવા સુધી મર્યાદિત ન હતી. તેમની કરુણા તમામ જીવો પર વિસ્તરેલી હતી. પ્રાણીઓ પ્રત્યેનો તેમનો ઊંડો પ્રેમ જાણીતો હતો અને તેમણે પ્રાણી કલ્યાણ પર કેન્દ્રિત દરેક સંભવિત પ્રયાસોને સમર્થન આપ્યું હતું. તેઓ અવારનવાર તેમના કૂતરાઓના ફોટો શેર કરતા, જે તેમના જીવનનો એટલો જ ભાગ હતો જેટલો કે કોઈ વ્યવસાયિક સાહસ. તેમનું જીવન આપણા બધાને એ યાદ અપાવે છે સાચું નેતૃત્વ ફક્ત કોઈની સિદ્ધિઓ દ્વારા જ નહીં, પરંતુ સૌથી વધુ નબળા લોકોની સંભાળ રાખવાની ક્ષમતા દ્વારા માપવામાં આવે છે.કરોડો ભારતીયો માટે, શ્રી રતન ટાટાની દેશભક્તિ સંકટના સમયમાં સૌથી વધુ ચમકતી હતી. ૨૬/૧૧ના આતંકવાદી હુમલા પછી મુંબઈમાં પ્રતિષ્ઠિત તાજ હોટેલને ફરીથી ખોલવી તે રાષ્ટ્ર માટે એક આહ્વાન હતું – ભારત એકજૂથ છે, આતંકવાદ સામે કોઈ પણ કાળે ઝુકવાનો ઈનકાર કરે છે. વ્યક્તિગત રીતે, મને વર્ષોથી તેમને ખૂબ નજીકથી જાણવાનું સૌભાગ્ય મળ્યું છે. અમે ગુજરાતમાં મળીને કામ કર્યું, જ્યાં તેમણે મોટા પાયે રોકાણ કર્યું છે, જેમાં એવા ઘણા પ્રોજેક્ટ્સનો પણ સમાવેશ થાય છે, જેને લઈને તેઓ ભાવુક હતા. થોડા અઠવાડિયા પહેલા, હું સ્પેન સરકારના પ્રમુખ શ્રી પેડ્રો સાંચેઝ સાથે વડોદરામાં હતો અને અમે સંયુક્ત રીતે એક એરક્રાફ્ટ કોમ્પ્લેક્સનું ઉદ્ઘાટન કર્યું જ્યાં C-૨૯૫ એરક્રાફ્ટ ભારતમાં જ બનાવવામાં આવશે.



### જુદા જુદા મુદ્દાઓને ખેડુતો સતત આંદોલન કરતા જ રહે છે....

**કોર્પોરેટ જગતની સાથે સાથે કોરોના કાળમાં ખેડુતોને પણ એટલુ જ મહત્વ મળે તે જરૂરી છે એકબાજુ લોકડાઉનના કારણે કોર્પોરેટ જગતની કમર તુટી ગઇ છે જ્યારે બીજી બાજુ ખેડુતોની આવક પણ છે**

# દેશમાં ખેડુતોની સ્થિતીને વધુને વધુ મજબુત કરવાની જરૂર ચોક્કસપણે દેખાઇ રહી છે

**સ્ટાર્ટ અપ શરૂ કરનાર યુવાનોને તો સરકાર રાહતો આપે છે પરંતુ ખેડુતો પ્રત્યે ઉદાસીન રહે છે : હકીકતમાં ખેડુતો પહેલા મજબુત બને તે જરૂરી**

દેશમાં ખેડુતોની સ્થિતીને વધુને વધુ મજબુત કરવાની જરૂર ચોક્કસપણે દેખાઈ રહી છે. તમામ લોકો આ બાબત તો સ્વીકાર કરે છે કે આજે ખેડુતોની તુલનામાં કોર્પોરેટ જગત સાથે જોડાયેલા લોકોને વધારે રાહત મળી રહી છે. તેમને વધારે મજબુત કરવાના પ્રયાસ તમામ સ્તરે થઈ રહ્યા છે. ખેડુતોને મજબુત કરવાના પ્રયાસ પણ થઈ રહ્યા છે પરંતુ તેની ગતિ જે પ્રકારની છે તે ખુબ ઉદાસીન કરનાર છે. કોર્પોરેટ કરતા પહેલા ખેડુતોની સ્થિતીને વધારે મજબુત કરવાની જરૂર છે.કોરોના વાયરસના કારણે તમામને ખુબ માઠી અસર થઈ છે.

કોર્પોરેટ જગતની સાથે સાથે કોરોના કાળમાં ખેડુતોને પણ એટલુ જ મહત્વ મળે તે જરૂરી છે. એકબાજુ લોકડાઉનના કારણે કોર્પોરેટ જગતની કમર તુટી ગઈ છે. જ્યારે બીજી બાજુ ખેડુતોની આવક પણ છે. કારણ કે કોરોનાના કારણે તમામ કારોબાર હાલમાં અવિરત રીતે બંધ રહ્યા હતા. જેથી



બંનેની સ્થિતી પર પ્રાથમિકતા સાથે વધુને વધુ ધ્યાન જરૂરી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો પણ સ્ટાર્ટ અપ શરૂ કરનાર ભણેલા યુવાનોને તો જુદા જુદા પ્રકારની રાહત આપે છે પરંતુ ખેડુતો પ્રત્યે હમેંશા ઉદાસીન રહે છે. જ્યાં સુધી ખેડુતોની લોન માફીની વાત છે ત્યાં સુધી આ બાબત તો માત્ર દેખાવવા પુરતી છે. અલબત્ત આની આડમાં ખાનગી કંપનીઓ જેમાં વીમા કંપનીઓ અને અને બેંક સામેલ છે.આ તમામને જંગી નફો આપીને માલામાલ કરવામાં આવે છે. અસલમાં ખેડુતોને મજબુત કરવામાં આવે તે જરૂરી છે. જો ખેડુતોને મજબુત કરાશે તો જ વધારે સારા પરિણામ મળશે. ખેડુતો આવા પાક પૈદા કરી શકશે જે માત્ર સસ્તી જ રહેશે નહીં બલ્કે તેમાં પૌષક તત્વો પણ વધારે પ્રમાણમાં રહેશે. કારણ કે ગામના ખેડુતો પોતાના પાકને નષ્ટ કરી શકે છે. પરંતુ પાકને કેમિકલમાં મિક્સ કરીને વેચી દેવાની હિમ્મત કરશે નહીં. સરકારને સમજી લેવાની જરૂર છે કે દેશના નાગરિક રાષ્ટ્રના વિકાસમાં એ વખતે જ જ ભરપુર યોગદાન આપી શકે છે જ્યારે તે શરીરથી મજબુત હોઈ શકે છે. આના માટે પૌષ્ટિક ભોજન કુબ જરૂરી છે. પૌષ્ટિક ભોજન ખેડુત જ આપી શકે છે. કોર્પોરેટ જગત આ કામ કરી શકે નહીં. જેથી ખેડુતોને વધારે રાહત પહેલા મળે તે જરૂરી છે. કેટલીક ચીજો એવી પણ હોવી જોઈએ. જેની સાથે કોઈ બાંધછોડ થવી જોઈએ નહીં. ભોજનની ક્વાલિટી પણ આમાં એક ચીજ છે. કારણ કે આજ ભોજન અમને જીવિત રાખે છે.

અમને જુદા જુદા રોગ સામે લડવામાં તાકાત આપે છે. ખાદ્ય પદાર્થોને લઈને બજારની હાલત ખુબ ખતરનાક બની ચુકી છે. હાલના સમયમાં કોઈ ચીજો એવી નથી જેમાં ભેળસેળ નથી. મોબાઈલ આવી ગયા બાદ લાઈફ એટલી વ્યસ્ત થઈ ગઈ છે કે અન્ય બાબતો અંગે વિચારણા કરવાની તક મળતી નથી. મોબાઈલ અમને વ્યસ્ત રાખે છે. જેથી અમે તમામ કામો બેભાન હાલતમાં કરીએ છીએ.

ભોજન પણ બેભાન હાલતમાં કરીએ છીએ. આ બાબતનુ અમને ધ્યાન જ રહેતુ નથી કે અમે શુ ખાઈ રહ્યા છીએ. જે ચીજો ખાઈ રહ્યા છીએ તેનાથી લાભ થઈ રહ્યો છે કે કેમ તેનુ ધ્યાન રહેતુ નથી. દેશના જુદા જુદા ભાગોમાં મોનસુનની સિઝનમાં તો હોસ્પિટલોમાં પગ મુકવાની જગ્યા રહેતી નથી. ચારેબાજુ દર્દીઓ પડ્યા રહે છે. અહીં મોનસુનમાં બિમારી એટલા માટે ફેલાઈ જાય છે કે લોકોને લોકલ ડબ્બામાં ભરવામાં આવે છે. એકબીજાની બિમારી ફેલાઈ જાય છે. બીજી કારણ એ છે કે રોગ સામે લડવાની શક્તિ અમારી ઘટી ગઈ છે.

# જીવન એ તો કુરુક્ષેત્ર છે કેટલીક વખત નાછૂટકે આપણા પોતાના માણસો સામે લડવું પડે છે

જીવન વ્યવહારમાં આપણે ભિન્ન ભિન્ન પ્રકૃતિના અનેક માણસો સાથે પરિચયમાં આવીએ છીએ. માનવીની કેટલીક સ્વભાવગત નબળાઈઓ અને ઊણપો હોય છે. કોઈ માણસ સંપૂર્ણ નથી. દરેક માણસનો સ્વભાવ ગમો અણગમો અને જીવન જીવવાની અને કાર્ય કરવાની રીત અલગ અલગ હોય છે. એટલે કેટલીક વખત આવી પ્રકૃતિના માણસો વચ્ચે સંઘર્ષ અનિવાર્ય બની જાય છે. પરંતુ સમજદાર માણસ આની એક મર્યાદા બાંધી લે છે. અને બને ત્યાં સુધી આ પ્રકારનાં વાદ વિવાદમાં ઊતરતો નથી. વિચારો જુદા જુદા હોય છે ત્યારે મતભેદ ઊભા થાય છે. અને આ પ્રકારનાં મતભેદો પરસ્પર સમજૂતીથી ઉકેલી શકાય છે. પરંતુ મનભેદ ઊભાં થાય ત્યારે જલ્દીથી ઉકેલી શકાતા નથી. આમ જોઈએ તો આપણે અનેક બાબતો જે આપણા ચોકઠામાં બેસતી ન હોય તે અંગે વિરોધ અને અણગમો વ્યક્ત કરતા રહીએ છીએ. કેટલીક વખત આ વિરોધ સીધો હોય છે તો કેટલીક વખત આડકતરો હોય છે. વિરોધ અનેક પ્રકારે થાય છે. રોષથી કે મેણું મારીને, સામા માણસને ન ગમતી વાત કરીને અથવા તેના મર્મસ્થાન પર ઘા કરીને અણગમો વ્યક્ત થતો હોય છે. ચાલાક માણસો સમય અને સંજોગો જોઈને મનમાં રહેલા રોષને બહાર કાઢે છે અને ન કહેવાનું કહી નાખે છે. પણ વિરોધનો પ્રતિભાવ ઊભો ન થાય તો વિરોધ બુઠ્ઠો બની જાય છે. આપણી સામે થતા વિરોધને ટીકાને આપણે કોઈપણ જાતના પ્રતિભાવ નહીં આપીને મહાત કરી શકીએ. સાચી વાતમાં ગુસ્સે થયા વગર સામા માણસને સમજવાનો પ્રયાસ કરીએ તો ખોટા વાદ વિવાદને ટાળી શકાય. આપણે કોઈ પણ ક્ષેત્રમાં હોઈએ ત્યાં કામ કરતાં લોકો વચ્ચે કોઈને કોઈ બાબત અંગે ઘર્ષણ થતું રહેવાનું છે. કારણ કે બધા માણસોનો સ્વભાવ સરખો હોતો નથી. માણસને ક્યાંક ને ક્યાંક ઘા લાગી જાય છે. કેટલીક વખત એકનો ગુસ્સો બીજા પર ઊતરે છે. કેટલીક વખત જૂની વાતો અને જૂના પૂર્વગ્રહો મનમાં રહેલા હોય છે એટલે



કાંઈક બહાનું મળી જતા રોષ પ્રજ્વલિત બને છે. કેટલાક માણસો એવા હોય છે જેઓ પુરુ સમજ્યા વગર વાત વાતમાં મિજાજ ગુમાવે છે. તેમને ગમે ત્યારે આડુ પડી જાય. તમે તેને માટે સારી વાત કરવા જાઓ તો પણ પછાં પડવું પડે. કેટલાક લોકો આડું જોવા માટે ટેવાયેલા હોય છે. તેમને ગમે તેટલું સારું થયું હોય પરંતુ ખોડખાંપણ કાઢ્યા વગર ચેન પડતું નથી. કુટુંબ, સમાજ કે કોઈ પણ ક્ષેત્રમાં જ્યાં આપણે કામ કરતા હોઈએ ત્યાં બિનજરૂરી વિરોધ ટીકા નિંદા થી દૂર રહેવું જોઈએ. આ બધી બાબતોને પોતપોતાની મર્યાદા હોય છે. કેટલાક માણસો માત્ર ઈશારાથી સમજી જાય છે. તો બીજા કેટલાક એવા માણસો હોય છે જેઓ એક કાનેથી સાંભળે છે અને બીજા કાનેથી કાઢી નાખે છે. વિરોધ ટીકા નિંદા સહન કરવાની દરેકની સ્વાભાવિક મર્યાદા હોય છે. કેટલાક લોકો બહુ ટચી હોય છે. જરાક અમથું કોઈ કહે તો તેમને ખોટું લાગી જાય. સ્ત્રી હોય તો આંખમાંથી આંસુ પડવા માંડે. આ પ્રકારની વ્યક્તિઓ પછી તે વાતને ભૂલે નહીં અને મનમાં ને મનમાં એ વાતને ઘુમાવ્યા કરે અને પોતે જાતે દુ:ખી થાય અને બીજાને દુ:ખી કરે. આવી બધી વાતો જલદીથી ભૂલી જવી જોઈએ. તેમાંથી સારું જોવાનો પ્રયાસ કરવો જોઈએ. દોષનો ટોપલો પોતાના પર ઢોળી દેવાની જરૂર નથી. દરેક બાબતને સાચી રીતે સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.આમ છતાં જ્ઞાની માણસો જીવનના પરમ સિદ્ધાંતોને સમજાવતા કહે છે કે સમાજમાં એવા કેટલાય માણસો હોય છે તેની સાથે બને ત્યાં સુધી સંઘર્ષમાં ઊતરવું નહીં, વિરોધ કરવો નહીં. વિરોધ કરીએ, આડા ઊતરીએ તો સરવાળે આપણને જ નુકસાન થાય.માર્મિક રીતે કહીએ તો ગૃહિણીનો વિરોધ ન કરવો. એટલે કે ઘરમાં રસોઈ કરનારી સન્નારીનો વિરોધ ન કરવો. વાતવાતમાં તેને ટોકતાં રહીએ તો પરિણામ શું આવે તે સૌ કોઈ જાણે છે.બને ત્યાં સુધી ચલાવી લેવું. કાંઈ કહેવું હોય તો પ્રેમથી કહેવું.મૂર્ખ માણસનો વિરોધ ન કરવો. તમે તેને ગમે તેટલું સમજાવશો તો પણ તેનો કોઈ અર્થ સરવાનો નથી. મૂર્ખ માણસો તમે કહો તેના કરતાં આડું કરવા ટેવાયેલા હોય છે. આવા માણસોને તમે ગમે એટલી સાચી સલાહ આપો. પરંતુ તેમને કશી અસર થશે નહીં.જેની પાસે શસ્ત્ર હોય તેનો વિરોધ ન કરવો. હાથમાં રહેલું હથિયાર ક્યારે આપણી પર ત્રાટકે તેનો કોઈ ભરોસો નહીં. ગુસ્સામાં માણસ ગમે તે કરી બેસે. અખબારોમાં આપણે એવા કિસ્સાઓ જોઈએ છીએ. કોઈ માણસ ઝઘડતા બે માણસોને સમજાવવા જાય અને હુમલાનો ભોગ થઈ પડે. હુમલો કરનારને આવા માણસો સામે વેર હોતું નથી પરંતુ ક્ષણિક આવેશમાં તે ન કરવાનું કરી બેસે છે.



**Cyber Octet™**

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# દેશનું એકમાત્ર રેલવે સ્ટેશન, જ્યાં જવા માટે લેવા પડે છે વિઝા




ભારતીય રેલ્વે એ વિશ્વનું ચોથું સૌથી મોટું અને એશિયામાં બીજું સૌથી મોટું રેલ નેટવર્ક છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારતમાં કુલ 8338 રેલવે સ્ટેશન છે, જે દેશભરમાં ફેલાયેલા છે. પરંતુ શું તમે જાણો છો કે દેશમાં એક એવું રેલવે સ્ટેશન પણ છે, જ્યાં જવા માટે તમારે વિઝા અને પાસપોર્ટની જરૂર પડે છે. જો કોઈ વિઝા વગર અહીં જાય છે તો તેને જેલમાં જવું પડી શકે છે.

આ રેલવે સ્ટેશનનું નામ અટારી છે. હવે આ સ્ટેશન અટારી શ્યામ સિંહ સ્ટેશન તરીકે ઓળખાય છે. 24 કલાક સુધી ગુપ્તચર અને સુરક્ષા એજન્સીઓથી ઘેરાયેલ આ રેલવે સ્ટેશન પર દેશનો કોઈપણ નાગરિક અહીં વિઝા વગર પહોંચે છે તેની સામે 14 ફોરેન એક્ટ (વિઝા વગર રેલવે સ્ટેશન પર આવવાનો આરોપ) હેઠળ કેસ કરવામાં આવે છે અને જેના જામીન ખૂબ જ મુશ્કેલ છે. પંજાબમાં અટારી એ ભારતનું છેલ્લું રેલવે સ્ટેશન છે. એક તરફ અમૃતસર અને બીજી બાજુ લાહોર છે. પંજાબના અમૃતસર જિલ્લાના અટારી બોર્ડર રેલવે સ્ટેશન પર પાસપોર્ટ અને વિઝાની જરૂર પડે છે. વાસ્તવમાં આ સ્ટેશનથી પડોશી દેશ પાકિસ્તાન માટે ટ્રેનો દોડે છે. આ જ કારણ છે કે આ રેલવે સ્ટેશન પર પાસપોર્ટ અને વિઝાની જરૂર પડે છે. આ સ્ટેશન પર પાસપોર્ટ અને વિઝા બંને જ ડોક્યુમેન્ટ વગર પકડાય જવા પર તમને જેલ થઈ શકે છે. વાસ્તવમાં ભારત અને પાકિસ્તાનની વચ્ચેની સિક્યોરિટી રીઝનને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

જો કોઈ વ્યક્તિ અટારી બોર્ડર પર પાસપોર્ટ અને વિઝા વગર પકડાય તો તેની સામે ફોરેન એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે. અહીં પાસપોર્ટ અને વિઝા લઈને જવું ખૂબ જ જરૂરી છે.

દિલ્હી અને અમૃતસરથી પાકિસ્તાનમાં લાહોર જતી ટ્રેનો અટારી બોર્ડર રેલવે સ્ટેશન પરથી પસાર થઈને જાય છે. આ જ કારણ છે કે આ રેલવે સ્ટેશન ખૂબ જ અલગ છે. આ ટ્રેનોની યાદીમાં સમજૌતા એક્સપ્રેસનું નામ પણ સામેલ છે. જોકે, આ ટ્રેનો સમયાંતરે વિવિધ કારણોસર પ્રભાવિત પણ થઈ જાય છે.

# ગર્ભવતી માટે સીતાફળ અમૃત સમાન ફળ...



સીતાફળ પોષક તત્વોનો ખજાનો ધરાવતું ફળ છે. ખાસ કરીને સગર્ભા માટે તે અમૃત સમાન ફળ છે. ગર્ભાવસ્થામાં માતા નિયમિત સીતાફળ ખાય તો તેનાથી ગર્ભસ્થ બાળકને પણ લાભ થાય છે. તેનું મગજ તેજ થાય છે.

જો કે સીતાફળ શરીરના અન્ય રોગો માટે પણ ખૂબ ફાયદાકારક છે. જેમકે હાઈ અને લો બીપી, ડાયાબિટીઝ, હૃદય રોગના જોખમો સામે રક્ષણ આપવા અને રોગપ્રતિકારક શક્તિને પણ તે મજબૂત કરે છે.

સીતાફળ વિટામિન સી અને એન્ટી ઓક્સિડેન્ટમાં ભરપૂર હોવાના કારણે તે એલર્જી અને કેન્સરના જોખમથી પણ બચાવે છે. તેમાં પોટેશિયમ અને મેગ્નેશિયમની માત્રા ખૂબ સારી હોય છે. સીતાફળ આંખો માટે ખૂબ સારું છે. તમે સીતાફળનું શેક બનાવીને પણ પી શકો છો.

સીતાફળને ગર્ભાવસ્થા દરમિયાન દૈનિક આહારનો એક ભાગ બનાવો. દરરોજ ઓછામાં ઓછા ત્રણ સીતાફળ અલગ અલગ સમયે ખાવા જોઈએ. આમ કરવાથી બાળકનો વિકાસ ઝડપથી થશે.

આ ઉપરાંત બાળકના મગજ અને રોગપ્રતિકારક શક્તિનો પણ વિકાસ થશે. સીતાફળ ખાવાથી કસુવાવડ થવાનું જોખમ પણ ઓછું થાય છે અને નોર્મલ ડિલિવરી દરમિયાન થતી પીડા પણ ઓછી થાય છે. સીતાફળ શરીરને અંદરથી મજબૂત બનાવે છે.



# સવારના સમયે ફણગાવેલી મગની દાળનું સેવન ફાયદાકારક

દાળમાં પુષ્કળ પ્રમાણમાં પોષક તત્વો મળી આવે છે. જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. દાળ ઘણા પ્રકારની હોય છે ચણાની દાળ, અરહર દાળ, મસૂર દાળ વગેરે. પરંતુ, મગની દાળ સૌથી હેલ્ધી માનવામાં આવે છે. મગની દાળ સૌથી લોકપ્રિય શાકાહારી સુપરફૂડ્સમાંથી એક છે. મગની દાળ સ્વાસ્થ્યને અનેક રોગોથી બચાવવામાં મદદરૂપ છે. હેલ્થ એક્સપર્ટ્સ કહે છે કે, મગની દાળમાં કેલરી ખૂબ જ ઓછી હોય છે, જે વજનને કંટ્રોલ કરવામાં ખૂબ જ ઉપયોગી માનવામાં આવે છે. મગની દાળનું સેવન શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે ખૂબ જ ફાયદાકારક છે.

મગની દાળમાં વિટામિન A, B, C અને E ભરપૂર માત્રામાં મળી આવે છે. આ સાથે તેમાં પોટેશિયમ, આયર્ન, કેલ્શિયમ, મેગ્નેશિયમ, કોપર, ફોલેટ, ફાઈબર પણ ભરપૂર માત્રામાં હોય છે, જેના કારણે મગની દાળ શરીરને અનેક બીમારીઓથી બચાવવામાં મદદરૂપ થાય છે.

**મગની દાળનું સેવન કરવાથી મળતા ફાયદા** | મગની દાળના સેવનથી એક્સ્ટ્રા કોલેસ્ટ્રોલને શરીરમાંથી દૂર કરવામાં મદદ મળે છે. મગની દાળ મેટાબોલિઝમ વધારવામાં ખૂબ જ મદદરૂપ છે, જે એસિડિટી, કબજિયાત, ખેંચાણ અને અપચોની સમસ્યાને કંટ્રોલમાં રાખે છે. મગની દાળમાં કેલરી ખૂબ જ ઓછી જોવા મળે છે, જે વજનને કંટ્રોલ કરવામાં મદદ કરી શકે છે. મગની દાળ પાચનક્રિયા સુધારે છે. હેલ્થ એક્સપર્ટ્સનું કહેવું છે કે, પાચન પ્રક્રિયાને સારી રાખવા માટે ડાયટમાં મગની દાળનો સમાવેશ કરી શકાય છે. મગની દાળથી પેટની ગરમીને પણ દૂર કરી શકાય છે. મગની દાળનું સેવન કરવાથી એનર્જી મળે છે. મગની દાળમાં પ્રોટીન, વિટામિન બી કોમ્પ્લેક્સ,પોટેશિયમ, કેલ્શિયમ અને આયર્ન મળી આવે છે, જે શરીરની નબળાઈને દૂર કરે છે. સવારના સમયે ફણગાવેલી મગની દાળનું સેવન ફાયદાકારક છે.





# સરગવાનું સેવન સ્વાસ્થ્ય માટે ખજાનો

સરગવો ખૂબ જ ફાયદાકારક છે. આયુર્વેદ અનુસાર, તે લગભગ 300 રોગોને દૂર કરી શકે છે. એનિમિયાના ઈલાજથી લઈને ઈમ્યુનિટી વધારવા સુધીના ઘણા ફાયદા છે. સ્વસ્થ રહેવા માટે આહારમાં પ્રાકૃતિક વસ્તુઓનો વધુ ઉપયોગ કરવો જોઈએ. ઘણા ફળો, શાકભાજી, મસાલા અને જડીબુટ્ટીઓ સ્વાસ્થ્ય માટે ખૂબ જ સારી છે. તેમના ગુણધર્મોને આયુર્વેદમાં પણ ગણવામાં આવે છે. સરગવો આવી જ એક ઔષધિ છે. સરગવોના ઝાડના પાન, શીંગો અને પાવડર બધુ જ ફાયદાકારક છે. આયુર્વેદિક તજજ્ઞ દીક્ષા ભાવસારે આનાથી સ્વાસ્થ્યને શું ફાયદો થાય છે અને તેને કેવી રીતે ખાઈ શકાય તેની માહિતી આપી હતી.

**આયુર્વેદ અનુસાર સરગવોના ગુણધર્મો** | સરગવોમાં પાલક કરતાં 25 ગણું વધુ આયર્ન હોય છે. દૂધ કરતાં 17 ગણું વધુ કેલ્શિયમ હોય છે. નારંગી કરતાં અનેકગણું વિટામિન C, ગાજર કરતાં અનેકગણું વિટામિન A અને દહીં કરતાં વધુ પ્રોટીન ધરાવે છે. તે એન્ટિબાયોટિક, એન્ટિ-ઓક્સિડન્ટ, બળતરા વિરોધી, એન્ટિ-ડાયાબિટીક, એન્ટિ-વાયરલ, એન્ટિ-એજિંગ અને એન્ટિ-ફંગલ છે. તેની શીંગો, ડ્રમસ્ટિક્સ તરીકે પણ ઓળખાય છે. તેમનામાં અનેક ગુણો પણ છે. આયુર્વેદમાં, તેને જાદુઈ વૃક્ષ માનવામાં આવે છે અને તેનો ઉપયોગ લગભગ 300 રોગોની સારવાર માટે થાય છે.

**સરગવાના ફાયદા** | તેનાથી વાળ ખરતા ઓછા થાય છે. હિમોગ્લોબિનનું સ્તર સુધારે છે, જે એનિમિયા મટાડે છે. બ્લડ પ્રેશર અને કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરે છે. યકૃત અને કિડનીને ડિટોક્સ કરે છે. વજન ઘટાડવામાં મદદ કરે છે. મેટાબોલિઝમ સુધારે છે. સુગર લેવલને નિયંત્રિત કરે છે. તણાવ, ચિંતા અને મૂડ સ્વિંગ ઘટાડે છે. થાઈરોઈડ કાર્ય સુધારે છે. તે માતાનું દૂધ વધારવામાં પણ ફાયદાકારક છે. અસ્થમા અને ઉધરસ મટાડે છે. સંધિવાના દર્દીઓ માટે સારું. શરીરમાં વિટામિન અને મિનરલ્સની ઉણપને દૂર કરે છે.

# શ્રાવણમાં ઘરે બનાવો ઈન્સ્ટન્ટ ફરાળી ઢોકળા

હાલમાં શ્રાવણ મહિનો શરૂ થઈ ગયો છે. શ્રાવણ મહિનામાં ભોલેનાથના ભક્તો ઉપવાસ રાખે છે. ઉપવાસમાં અનેક લોકો ફરાળી વાનગીઓ ખાતા હોય છે. ફરાળી વાનગીઓ બનાવતી વખતે ખાસ નાની-નાની વાતોનું ધ્યાન રાખવુ ખૂબ જરૂરી છે. આ શ્રાવણ મહિનામાં અમે તમને ઈન્સ્ટન્ટ ફરાળી ઢોકળાની રીત જણાવીશું. તો તમે ઘરે બનાવો ફરાળી ઢોકળા અને ઉપવાસમાં ખાવાની મજા માણો.

1/4 કપ સાબુદાણા, 1 ચમચી સમા ચોખાનો લોટ, 1 કપ પાણી, 1/2 કપ દહીં, 1 નાની ચમચી જીરું, 1 નાની ચમચી લીંબુનો રસ, 1 નાની ચમચી સેંધા મીઠું, 1 નાની ચમચી સમારેલ કોથમીર આદુ, અને લીલા મરચાનો પેસ્ટ.



## ઉપવાસના ઢોકળા બનાવવાની રીત

સૌથી પહેલા સાબુદાણા અને સમાના ચોખાને સૂકા પીસી લો. એક મોટા વાસણમાં સાબુદાણા અને સમા ચોખાનો પાવડર મિક્સ કરીને તેમાં દહીં, સેંધા મીઠું અને ઘી ઉમેરીને મિક્સ કરો. હવે તેને એક કલાક માટે રાખો. એક કલાક પછી તેમાં આદુ અને મરચાની પેસ્ટ નાખીને લીંબુનો રસ નાખો. હવે ઢોકળા બનાવવા માટે ટ્રેમાં ઘી લગાવીને પછી તેમાં બેટર નાખીને સ્ટીમ કરો. સ્ટીમ થયા પછી તેને પસંદગી મુજબ શેપ આપો. તેના પર જીરું અને મરચાનો તડકો લગાવીને નાખો અને લીલા ધાણાની ચટણીની સાથે ખાઓ.

# વજન વધારવા માટે રાત્રે સૂતા પહેલા ઘી સાથે ખજૂર ખાવ



ખજૂરને પોષક તત્વોનું પાવર હાઉસ કહેવામાં આવે છે. તે માત્ર નેચરલ સુગરથી ભરપૂર તો હોય છે તદુપરાંત તેમાં વિટામિન, આયર્ન, પોટેશિયમ, કેલ્શિયમ, ફોસ્ફરસનું પ્રમાણ પણ વધારે હોય છે. તેમાં રહેલા પોષક તત્વોથી શરીરને ત્વરિત ઉર્જા મળે છે. શિયાળો, ઉનાળો કે વરસાદ કોઈપણ ઋતુમાં ખજૂર ખાઈ શકાય છે.

આયુર્વેદ નિષ્ણાતના જણાવ્યા પ્રમાણે જો ખજૂર યોગ્ય સમયે લેવામાં આવે તો શરીરને વધુ લાભ મળે છે. આયુર્વેદ અનુસાર સવારે ખાલી પેટ ખજૂરનું સેવન કરવું જોઈએ. ખજૂરમાં ઠંડકની અસર હોવાથી શરીરમાં વાત અને પિત્તનું સંતુલન જળવાઈ રહે છે.

જો કે, એક કે બે ખજૂર બપોરે નાસ્તા તરીકે લઈ શકાય છે અથવા જ્યારે તમને મીઠાઈ ખાવાનું મન થાય ત્યારે તમે ખાઈ શકો છો. જમ્યા પછી તરત ખજૂર ન લેવી જોઈએ. જો તમારે વજન વધારવું હોય તો રાત્રે સૂતા પહેલા ઘી સાથે ખજૂર ખાઈ શકો છો.

દરરોજ બે ખજૂર ખાવાથી શરીરને જરૂરી પોષક તત્વો મળે છે. જો પાચનક્રિયા બરાબર હોય તો ચાર ખજૂર પણ ખાઈ શકાય છે. જ્યારે બાળકોને એક દિવસમાં એકથી વધુ ખજૂર ન આપવી જોઈએ. ખજૂર બાળકોની રોગપ્રતિકારક શક્તિ વધારે છે. ખજૂરનું વધુ સેવન કરવાથી બ્લડ સુગરમાં વધારો, ત્વચા પર ફોલ્લીઓ, વજન વધવું, હાઈપરકલેમિયા, અસ્થમા જેવી ગંભીર સમસ્યાઓ થઈ શકે છે. પેટમાં ખેંચાણ અને ઝાડા તેના તાત્કાલિક લક્ષણો છે.



# ચંદનના પાવડરમાં મિક્સ કરી, ચહેરા પર લગાવાથી ખીલ થઈ જશે ગાયબ


અનેક લોકોના ચહેરા પર ખીલ થતા હોય છે. ખીલ તમારી પર્સનાલિટી ખરાબ કરવાનું કામ કરે છે. ચહેરા પર ખીલ થવા પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. ખીલ દૂર કરવા માટે લોકો જાતજાતની કેમિકલ પ્રોડક્ટ્સનો ઉપયોગ કરતા હોય છે, તેમ છતા જોઈએ રિઝલ્ટ મળતુ નથી. આ ટાઈપ્સની કેમિકલ પ્રોડક્ટ્સથી સ્કિનને અનેક ઘણું નુકસાન થાય છે. આ માટે ઘરેલુ ઉપાયો તમારા માટે એક બેસ્ટ ઓપ્શન છે. આમ, તમારા ફેસ પર ખીલ વધારે છે તો ચંદનનો પાવડર એક બેસ્ટ ઓપ્શન છે.

બે ચમચી ચંદનનો પાવડર લો અને એમાં જરૂર મુજબ ગુલાબ જળ મિક્સ કરો. આ બન્ને મિક્સ કરીને પેસ્ટ બનાવો. આ પેસ્ટ લગાવતા પહેલાં ચહેરાને ચોખ્ખા પાણીથી ધોઈ લો. પછી આ પેસ્ટ ચહેરા પર લગાવો અને બે મિનિટ માટે મસાજ કરો.

આ પેસ્ટ ચહેરા પર લગાવ્યા પછી 20 થી 25 મિનિટ સુધી રાખો. આમ કરવાથી પેસ્ટ સુકાઈ જશે. આ પેસ્ટ સુકાઈ જાય એટલે મોં ચોખ્ખા પાણીથી ધોઈ લો. ત્યારબાદ 5 મિનિટ પછી ચહેરા પર આઈસ ક્યૂબ્સથી મસાજ કરો. આ પેસ્ટ તમે અઠવાડિયામાં ત્રણથી ચાર વાર લગાવો છો તો ફેસ મસ્ત થઈ જાય છે.

આ પેસ્ટ તમે રેગ્યુલર ફેસ પર લગાવો છો તો ખીલથી લઈને બીજી અનેક ઘણી સમસ્યાઓ દૂર થઈ જાય છે. આ પેસ્ટથી તમારા ફેસ પર નેચરલ ગ્લો પણ આવે છે. નેચરલ ગ્લો ફેસ પર આવવાને કારણે મેક અપ કરવાની જરૂર પણ રહેતી નથી. તમે આ પેસ્ટ યંગ એજમાં લગાવો છો તો સ્કિન મસ્ત થઈ જાય છે. આ પેસ્ટથી સ્કિન મસ્ત થઈ જાય છે. આ પેસ્ટથી સ્કિન મસ્ત થાય છે. આ પેસ્ટ તમારા ફેસ પરની સ્કિન મસ્ત થાય છે.

આ પેસ્ટ માત્ર 2 મિનિટમાં ઘરે બની જાય છે. આ પેસ્ટ તમારી સ્કિનને અંદરથી ડિપ ક્લિન કરવાનું કામ કરે છે. આ પેસ્ટથી મોં એકદમ ક્લિન થઈ જશે. ચંદનના પાડવરમાં રહેલા ગુણો સ્કિનને સોફ્ટ કરવાનું કામ કરે છે. આ ફેસ પેકથી અઠવાડિયામાં ખીલ દૂર થઈ જશે.



# હોઠ પર કાળા ડાઘા પડી ગયા હોય તો ચિંતા ન કરતાં, આ ઉપાય ડાઘ કરી દેશે દૂર

ઘણીવાર લોકો ચહેરા પર જેટલું ધ્યાન આપે છે એટલું હોઠ પર ધ્યાન આપતા નથી, જેથી બેદરકારીને કારણે ઘણાં લોકોના હોઠ પર કાળા ડાઘ પડી જતાં હોય છે. તેની પાછળ ઘણાં કારણ હોઈ શકે છે. જેમ કે વધુ પડતી બ્યૂટી પ્રોડક્ટ્સનો ઉપયોગ, સ્મોકિંગ, કે અન્ય હેલ્થ પ્રોબ્લેમ. ડાઘ દૂર કરવા લોકો ઘણાં પ્રયાસ કરે છે પણ તેમાંથી કેટલાક નુકસાન પણ કરી શકે છે. તો ચાલો જાણી લો હોઠના ડાઘ દૂર કરવાના ઉપાય.

**કાકડીનો રસ :** કાકડીનો રસ હોઠ પર લગાવી મસાજ કરી 15 મિનિટ રહેવા દો. દિવસમાં 2વાર આ ઉપાય કરો. કાકડીમાં રહેલી મોઈશ્ચરાઈઝિંગ અને બ્લિચિંગ ઈફેક્ટથી હોઠના કાળા ડાઘ દૂર થવા લાગશે અને હોઠની ડ્રાયનેસ પણ દૂર થશે.

**બદામનું તેલ :** બદામનું તેલ આંગળીઓ પર લઈને તેને હોઠ પર રાતે લગાવો અને હળવા હાથે મસાજ કરો. પછી આખી રાત તેને રહેવા દો. સવારે વોશ કરી લો. રોજ આ રીતે કરો. બદામના તેલમાં બ્લિચિંગ એજન્ટ હોય છે. જે હોઠને હાઈડ્રેટ રાખે છે અને કાળા ડાઘ દૂર કરે છે.

**લીંબુ અને મધ :** પા ચમચી મધમાં પા ચમચી લીંબુનો પસ મિક્સ કરીને હોઠ પર લગાવી મસાજ કરો. પછી 10 મિનિટ રાખીને પાણીથી ધોઈ લો. આવું દિવસમાં બેવાર કરો. લીંબુ અને મધમાં રહેલાં એન્ટીસેપ્ટિક ગુણ અને બ્લીચિંગ એજન્ટ હોઠને મુલાયમ અને ગુલાબી બનાવે છે. ડાઘ દૂર કરે છે.




# અક્ષય કુમારે ફિલ્મ ‘હાઉસફુલ 5’લડનમાં શુટિંગના મહિલાઓની સાથેનો વિડીયો શેર કર્યો

અક્ષય કુમાર, જે હાલમાં હાઉસફુલ 5 માટે લંડનમાં શૂટિંગ કરી રહ્યો છે, તે તાજેતરમાં જ તેની મહિલા ચાહકો સાથે શેરીઓમાં જોવા મળ્યો હતો. 90ના દાયકાથી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો એક ભાગ બનેલા અક્ષય કુમાર કોમર્શિયલ એન્ટરટેઈનર, હાઉસફુલ 5 માટે તૈયારી કરી રહ્યા છે. સાજિદ નડિયાદવાલા દ્વારા નિર્મિત, આગામી ફિલ્મ હાઉસફુલ ફ્રેન્ચાઈઝીનો પાંચમો હપ્તો છે. તરુણ મનસુખાનીના દિગ્દર્શનમાં જેકલીન ફર્નાન્ડીઝ, અભિષેક બચ્ચન, સંજય દત્ત, ફરદીન ખાન, નરગીસ ફખરી, સોનમ બાજવા, ચિત્રાંગદા સિંઘ, સૌંદર્યા શર્મા અને વધુ સહિતની સ્ટાર કાસ્ટ છે. અક્ષય, જે હાલમાં લંડનમાં હાઉસફુલ 5 માટે શૂટિંગ કરી રહ્યો છે, તેણે મહિલા ચાહકો માટે દિવસ બનાવ્યો કારણ કે તેણે શૂટિંગ દરમિયાન તેમની સાથે ખુશીથી પોઝ આપ્યો. X (અગાઉનું ટ્વિટર) પર અક્ષય કુમારની ફેન ક્લબ દ્વારા પોસ્ટ કરવામાં આવેલા વિડિયોમાં અક્ષય કુમારને કપડાંની બ્રાન્ડ સ્ટોરની બહાર ઊભેલા જોઈ શકાય છે. સુપરસ્ટાર ગ્રે બ્લેઝર અને બ્લેક ટ્રાઉઝરમાં હેન્ડસમ લાગે છે. તેની સાથે કાળો, લાલ અને ન રંગેલું ઊની કાપડ રંગોમાં ખૂબસૂરત ગાઉન પહેરેલી ત્રણ સુંદર સ્ત્રીઓ છે.



# મૌની રોયના ફેશન વીકમાં બ્લકે બની બ્યુટી બની કાતિલ અદાથી ફેન્સને ચોંકાવ્યા

હોટ એક્ટ્રેસ મૌની રોય સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને તે ઘણીવાર પોતાની સ્ટાઈલથી ઈન્ટરનેટ પર ધૂમ મચાવતી જોવા મળે છે. મૌની રોયના લેટેસ્ટ ફોટોમાં ગ્લેમર્સ લુકમાં જોવા મળે છે. હાલામાં જ મૌની રોય મિલાન ફેશન વીકમાં બ્લેક બ્યુટી બનીને પહોંચી હતી. તેને બ્લેક ચશ્મા, ગ્લવ્સ અને ડ્રેસમાં તેનો સિઝલિંગ લુક જોવા મળ્યો. આ અંદાજ જોઈને મૌની રોયના ફેન્સ તેના પર ફિદા થઈ ગયા. મૌની ફેશન વીકમાં બેકલેસ ટાઈ-ઓન ડિટેલ અને પ્લંઝિંગ નેકલાઈનવાળો બ્લેક મિની ડ્રેસ પહેરીને પહોંચી હતી. જેમાં તેને પોતાની કાતિલ અદાઓથી બધાને ચોંકાવી દીધા હતા. આ ડ્રેસ પર બ્લેક લેસથી પેર્ટન બની છે જે તેને ક્લાસી ટચ આપે છે. તેમજ સ્કર્ટની ફ્રિલ્સ સારી લાગી રહી છે. તેને સારી રીતે સ્ટાઈલ પણ કર્યો છે. પોતાના આ ઓલ બ્લેક લુકને સ્ટાઈલિશ બનાવવા માટે મૌનીએ તેની સાથે લેસ ડીટેલિંગવાળા ગ્લવ્સ અને સ્ટોકિંગ્સ પહેર્યા છે. જેના પર ફ્લાવર પેટર્નની સાથે દિલ અને જાળીવાળી ડિઝાઈન છે.મૌનીએ આ ડ્રેસની સાથે બ્લેક કલરના ચશ્મા પહેર્યા છે. તેમજ બ્લેક બેગ પણ ઓવરઓલ લુકની સાથે ચર્ચામાં છે. મૌનીએ આ લુકની સાથે ફ્રેંચ બ્રેડ બનાવીને સિમ્પલ રાખી. ન્યુડ લિપ્સની સાથે તેનો સટલ મેકઅપ પણ લુકમાં ચાર ચાંદ લાગે છે.

# નવપરિણીત યુગલ અદિતિ રાવ હૈદરી, સિદ્ધાર્થ લગ્ન બાદ મુંબઈ એરપોર્ટ પર સાથે જોવા મળ્યા



નવપરિણીત યુગલ અદિતિ રાવ હૈદરી અને સિદ્ધાર્થે તેમના તાજેતરના લગ્ન પછી તેમની પ્રથમ જાહેર રજૂઆત કરી, મોહક ચાહકો કારણ કે તેઓ મુંબઈ એરપોર્ટ પર સાથે જોવા મળ્યા હતા. આ અઠવાડિયાની શરૂઆતમાં એક ઘનિષ્ઠ સમારોહમાં ગાંઠ બાંધનાર આ દંપતી, ગુરુવારે મોડી રાત્રે મુંબઈ પરત ફરતાં, આનંદ અને સ્નેહ ફેલાવતા, હાથ પકડીને ફોટોગ્રાફ કરવામાં આવ્યા હતા. અદિતિ, તેની અત્યાધુનિક શૈલી માટે જાણીતી હતી, તેણે સાદી છતાં ભવ્ય ગુલાબી અનારકલી પસંદ કરી. આ દાગીનામાં સ્કૂપ નેકલાઈન, પૂર્ણ-લંબાઈની ચૂરીદાર સ્લીવ્ઝ અને હળવા સિલુએટ દર્શાવવામાં આવ્યા હતા, જે તેણીના ઓછામાં ઓછા સૌંદર્યલક્ષી પ્રદર્શનને દર્શાવે છે. ગોલ્ડ ગોટા એમ્બ્રોઇડરીથી શણગારેલી અનારકલીને મેચિંગ ચુરીદાર પેન્ટ અને દુપટ્ટા સાથે જોડવામાં આવી હતી જે તેજસ્વી લાલ કિનારીઓ અને ફ્લોરલ બાંધણી પ્રિન્ટ ધરાવે છે. અભિનેતાએ પરંપરાગત ઝુમકી, વીંટી અને કોલ્હાપુરી સેન્ડલ સાથે તેના દેખાવને પૂર્ણ કર્યો, તેના કુદરતી સૌંદર્યમાં નો-મેકઅપ દેખાવ સાથે વધારો કર્યો. દરમિયાન, સિદ્ધાર્થે કેઝ્યુઅલ એરપોર્ટ લુક પસંદ કર્યો. તેણે બ્લેક જીન્સ સાથે વાદળી ડેનિમ જેકેટ પહેર્યું હતું. ‘રંગ દે બસંતી’ અભિનેતાએ પણ સફેદ સ્નીકર્સ સાથે જોડાયેલી ડેનિમ કેપ પહેરી હતી. આ અઠવાડિયાની શરૂઆતમાં આ દંપતીના લગ્ન એક ભવ્ય પ્રણય હતા, જેમાં અદિતિ હાથવણાટના મહેશ્વરી ટિશ્યુ લહેંગામાં અદભૂત હતી જે સબ્યસાચી હેરિટેજ ટેક્સટાઈલ કલેક્શનમાંથી બનારસી દુપટ્ટા દ્વારા પૂરક હતી. સિદ્ધાર્થે સબ્યસાચી સિલ્ક કુર્તા અને હાથથી વણાયેલી ધોતીમાં તેની લાવણ્ય સાથે મેળ ખાતી હતી. તેમની લવ સ્ટોરી સમજદાર રહી છે, અહેવાલો સૂચવે છે કે અદિતિ અને સિદ્ધાર્થ 2021 માં તેમની ફિલ્મ “મહા સમુદ્રમ” ના સેટ પર પ્રેમમાં પડ્યા હતા. આ વર્ષની શરૂઆતમાં, અદિતિએ તેમની સગાઈની પુષ્ટિ કરતા સોશિયલ મીડિયા પર એક આનંદકારક પોસ્ટ શેર કરી, લખ્યું, “તેઓ કહ્યું હા! E. N. G. A. G. E. D.” તેમની સગાઈની વીંટી દર્શાવતી એક મોહક સેલ્ફીની સાથે.




# મૂળ ગુજરાતી ધ્રુવી પટેલ મિસ ઈન્ડિયા વર્લ્ડ વાઈડ તરીકે થઈ પસંદગી

અમેરિકાથી કોમ્પ્યુટર ઈન્ફોર્મેશન સિસ્ટમનો અભ્યાસ કરતી ધ્રુવી પટેલ આ વર્ષે મિસ ઈન્ડિયા વર્લ્ડ વાઈડ તરીકે પસંદ થઈ છે. 8 વર્ષની ઉંમરથી તેનું આ સપનું હતું, જે તેણે હવે પૂરું કર્યું છે. આ સૌંદર્ય સ્પર્ધાનું આયોજન ન્યુ જર્સીમાં કરવામાં આવ્યું હતું. ધ્રુવી પટેલને આ વર્ષની મિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડ 2024 તરીકે પસંદ કરવામાં આવી છે. આ ભારતની બહાર ચાલતું એક મોટું બ્યુટી પેજન્ટ છે. ધ્રુવી અમેરિકાથી કમ્પ્યુટર ઈન્ફોર્મેશન સિસ્ટમનો અભ્યાસ કરી રહી છે. ન્યુ જર્સીના એડિસન શહેરમાં આ બ્યુટી પેજન્ટની ફાઈનલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે તે 31મી મિસ ઈન્ડિયા વર્લ્ડ વાઈડ 2024 હતી. સ્પર્ધાનું આયોજન ન્યૂયોર્કની ઈન્ડિયા ફેસ્ટિવલ કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું.ધ્રુવીએ મિસ ઈન્ડિયા વર્લ્ડ વાઈડની ફાઈનલ દરમિયાન કહ્યું હતું કે તે ભવિષ્યમાં બોલિવૂડ અભિનેત્રી અને યુનિસેફની એમ્બેસેડર બનવા માંગે છે.

# આલિયા ભટ્ટે શાહરૂખની DDLJની પ્રશંસા શેર અને કાજોલ સાથેના એક સીન પર આપ્યું ધ્યાન





આલિયા ભટ્ટે તાજેતરમાં શાહરૂખ ખાન માટે તેણીની પ્રશંસા શેર કરી હતી અને ફિલ્મ દિલવાલે દુલ્હનિયા લે જાયેંગેના તેના અને કાજોલના આઈકોનિક દ્રશ્યોમાંથી એક પર ધ્યાન આપ્યું હતું. બોલિવૂડના બાદશાહ શાહરૂખ ખાન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણા કલાકારો માટે પ્રેરણારૂપ રહ્યા છે. તેમાંથી એક છે આલિયા ભટ્ટ, જેણે ઘણીવાર સુપરસ્ટાર માટે પોતાની પ્રશંસા વ્યક્ત કરી છે. તેણીએ તાજેતરમાં જ તેના પર ઝૂકી હતી અને જાહેર કર્યું હતું કે દિલવાલે દુલ્હનિયા લે જાયેંગેના કાજોલ સાથેના તેના આઈકોનિક પલટ દ્રશ્ય તેણીને પતંગિયા અને ગુસબમ્પ્સ આપે છે. આલિયાનું માનવું હતું કે દરેક છોકરી ઈચ્છે છે કે તેના જીવનમાં તે દ્રશ્ય જોવા મળે. એલ્યુર મેગેઝિન સાથેના તાજેતરના ઈન્ટરવ્યુમાં, આલિયા ભટ્ટે શેર કર્યું હતું કે શાહરૂખ ખાન એ પહેલો વ્યક્તિ હતો જે તેના મગજમાં આવ્યો જ્યારે તેણે ભારતીય સિનેમા વિશે વિચાર્યું. તેણીએ ઉમેર્યું કે તે અન્ય ઘણા લોકો માટે સમાન હશે. અભિનેત્રીએ પછી DDLJ ના તેના પલટ સીન પર ચર્ચા કરી, જ્યાં તે કાજોલને પ્રેમ કરે તો તે પાછા ફરે તેની રાહ જોઈ રહી છે. આલિયાએ આ ક્ષણનો ખુલાસો કર્યો અને જણાવ્યુ કે તેને તેના વિશે કેવું લાગ્યું. તેણીએ કહ્યું, “પછી તે તેના વળવાની રાહ જોઈ રહ્યો છે, ‘પલટ’, અને પછી અચાનક સંકેત પર, જેમ કે તેણી વળે છે, અને પછી સંગીત ફક્ત ફૂલે છે, અને તે પતંગિયા, ગુસબમ્પ્સ જેવું છે, બધું એક સાથે છે.” આલિયાએ વધુમાં ઉમેર્યું, “પરંતુ મને લાગે છે કે દરેક છોકરી તેના જીવનમાં અ પ્રકારનું મનોરંજન ઈચ્છતી હોય છે જ્યાં તમે પાછળ જુઓ અને ત્યાં કોઈ વ્યક્તિ તમને જોઈ રહ્યો હોય અથવા તે તમારી સામે જોવાની રાહ જોઈ રહ્યો હોય.” આલિયાએ એમ કહીને નિષ્કર્ષ કાઢ્યો કે SRK વિશેની દરેક વસ્તુ તેના માટે ‘પ્રેમ’ લખે છે, અને પલટ સીન બધો પ્રેમ હતો.

# આલિયાએ માતૃત્વ તબક્કાની પુત્રી રાહા સાથેની કિંમતી ક્ષણો વિશે કહી આ વાત



આલિયા ભટ્ટે તાજેતરમાં તેની પુત્રી રાહા સાથેની કિંમતી ક્ષણો વિશે વાત કરી, તેણીની પ્રથમ કિક વિશે વાત કરી અને તેણે પહેલા શું કહ્યું - મમ્મા અથવા પાપા વિશે વાત કરી. આલિયા ભટ્ટે 2022 માં પતિ રણબીર કપૂર સાથે તેના પ્રથમ બાળક, રાહાનું સ્વાગત કર્યું હતું. તેણીએ ભૂતકાળમાં ઘણી વખત તેણીની ગર્ભાવસ્થા અને વાલીપણાની સફરની ઝલક ઓફર કરી છે. તાજેતરમાં, આલિયાએ તેના માતૃત્વના તબક્કાની કેટલીક સૌથી કિંમતી ક્ષણો જાહેર કરી. તેણીએ શેર કર્યું કે જ્યારે તેણીએ રાહાની પ્રથમ કિક વિશે તેને કહ્યું ત્યારે તેણીના પતિ રણબીર કપૂરે એમ કહીને પ્રતિક્રિયા આપી કે, ‘તે સરસ છે’. મમ્મી અને પપ્પા વચ્ચે તેની પુત્રીએ પહેલા શું કહ્યું તેના સંદર્ભમાં, આલિયાએ ખુલાસો કર્યો કે તે પહેલાનું હતું. એલ્યુર મેગેઝિન સાથેના તાજેતરના ઈન્ટરવ્યુમાં, આલિયા ભટ્ટે શેર કર્યું હતું કે જ્યારે તેણી તેની ફિલ્મ હાર્ટ ઓફ સ્ટોનના શૂટિંગ માટે પોર્ટુગલમાં હતી ત્યારે તેણીએ તેની પુત્રી રાહાને પ્રથમ કિક અનુભવી હતી. તેણીએ કહ્યું કે જ્યારે તેણીને પેટમાં ફફડાટનો અનુભવ થયો ત્યારે તેણી પથારીમાં કંઈક જોઈ રહી હતી. આલિયાએ ઉલ્લેખ કર્યો કે તે મૂંઝવણમાં હતી અને ફરીથી લાગણી થવાની રાહ જોઈ રહી હતી. તેણીએ વ્યક્ત કર્યું કે બાળક જ્યારે તમે ઈચ્છો ત્યારે લાત મારતું નથી પરંતુ હંમેશા અણધારી ક્ષણો પર. આલિયાએ વધુમાં જણાવ્યું હતું કે તે રાત્રે ઉત્તેજનાથી તેને ઊંઘ ન આવી. તેણીએ તેના પતિ, રણબીર કપૂરને બોલાવવાનું યાદ કર્યું, જે મુંબઈમાં પાછા સૂઈ રહ્યા હતા. આલિયાએ શેર કર્યું, “હું ખરેખર ઉત્સાહિત થઈ ગઈ, અને મેં તરત જ મારા પતિને ફોન કર્યો, અને તે ઊંઘી રહ્યો હતો. તેણે તેની ઊંઘમાં જવાબ આપ્યો, અને તે આવો હતો, ‘શું થયું?’ હું એવું હતો, ‘ના, ના, ફક્ત તમે જાણો છો, બેબી લાત મારી હતી.’ અને તે એવું હતું, ‘ઠીક છે, તે સરસ છે.’ આ જ વાતચીત દરમિયાન આલિયા ભટ્ટે ખુલાસો કર્યો કે રાહા પહેલા શું કહેશે, મમ્મા કે પાપાને લઈને તેમના ઘરે ઝઘડો થયો હતો. ગંગુબાઈ કાઠિયાવાડી સ્ટારે શેર કર્યું કે રાહાએ પહેલા મમ્મા કહ્યું, અને તે એક ક્ષણે બન્યું જ્યારે તેઓ તેના રમતના સમય દરમિયાન એકલા હતા.

# જ્હોન અબ્રાહમના એક ડોપલગેંગરે તેની સ્ટાઈલથી મચીવી ધુમ

ઈલિયાસ ક્રિસ્ટોફોરિડિસ નામના આંતરરાષ્ટ્રીય અભિનેતાએ જોન અબ્રાહમ સાથેના અસાધારણ સામ્યતા માટે ઈન્ટરનેટ પર તોફાન મચાવ્યું છે. જ્હોન અબ્રાહમ, જે તાજેતરમાં વેદમાં જોવા મળ્યો હતો, તેણે 2003માં બિપાશા બાસુની સામે જિસ્મ સાથે અભિનયની શરૂઆત કરી હતી. 2004માં યશ રાજ ફિલ્મ્સની ધૂમમાં વિરોધી ભૂમિકા ભજવ્યા બાદ તેને ઓળખ મળી. જ્હોન તેના એક્શન-હીરો વ્યક્તિત્વ માટે જાણીતો છે અને તે ફિટનેસ ફ્રીક છે. મૉડલમાંથી અભિનેતા બનેલા પ્રશંસકો તેના છીણેલા શરીર અને તેના ચહેરા પરના સુંદર ડિમ્પલ્સ પર લપસીને પ્રશંસકો સાથે મોટા પાયે ચાહકોને અનુસરે છે. આ દરમિયાન જ્હોન અબ્રાહમના એક ડોપલગેંગરે તેની સ્ટાઈલથી ઈન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી છે. ઈલિયાસ ક્રિસ્ટોફોરીડિસ નામના અભિનેતામાં જ્હોન અબ્રાહમ સાથે અસાધારણ સામ્યતા છે. તેનું ઈન્સ્ટાગ્રામ હેન્ડલ આ બધું કહે છે. તાજેતરમાં, ઈલિયાસે જ્હોનની 2015 ની ફિલ્મ, વેલકમ બેકના ટાઈટલ ટ્રેકને લિપસિંક કરવાનો એક વિડિયો છોડ્યો હતો. તે ક્લિપમાં ગીતના બોલ પર અભિનય કરી રહ્યો છે અને તે વેદના અભિનેતા જેવો દેખાય છે. ચર્ચામાં રહેલા અભિનેતાએ ભારતમાં તેના ચાહકોને વિડિયો સમર્પિત કર્યો અને ★johnabraham ★bollywood ★hindi ★bollywoodsongs અને વધુ જેવા હેશટેગ્સનો ઉપયોગ કર્યો. “તે મારા ભારતીય પીપ્સ માટે છે, જ્હોન અબ્રાહમના ડોપલગેન્જર એવા આ અભિનેતાથી ચાહકો ધાકમાં છે. ઘણા નેટીઝન્સે ટિપ્પણી વિભાગમાં તેમની પ્રતિક્રિયાઓ મૂકી. “હા બરાબર, તે તમારા જેવો દેખાય છે...”






# ઓસ્ટ્રેલિયા તેના પર પ્રતિબંધ લગાવી શકે

। સિડની, તા.૮ ।

ઓસ્ટ્રેલિયામાં, ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ પ્રતિબંધિત હોઈ શકે છે. ઓસ્ટ્રેલિયાના પીએમ એન્થોની અલ્બેનિસે કહ્યું કે ફેસબુક અને ટિકટોક જેવા પ્લેટફોર્મના પ્રભાવને કારણે અમારા બાળકોને ખૂબ જ નુકસાન થઈ રહ્યું છે. તેણે પોતાની જાહેરાતમાં કહ્યું કે, જો રેગ્યુલેટર્સને યુવા યુઝર્સ દ્વારા નિયમોનો ભંગ કરવાની માહિતી મળે છે, તો તેના માટે કંપની જવાબદાર રહેશે અને તેમને દંડ કરવામાં આવશે.નવેમ્બરમાં ઑસ્ટ્રેલિયન સંસદમાં પ્રસ્તાવિત કરવામાં આવે તે પહેલાં આ કાયદો રાજ્ય અને પ્રદેશના નેતાઓ સમક્ષ રજૂ કરવામાં આવશે. એકવાર સંસદમાં કાયદો પસાર થઈ ગયા પછી, આ નિયમ કેવી રીતે લાગુ કરી શકાય તે સ્પષ્ટ કરવા માટે ટેક પ્લેટફોર્મને એક વર્ષનો સમય આપવામાં આવશે. આ માટે જવાબદારી માતા-પિતા અથવા યુવાનો પર મૂકવામાં આવશે નહીં, અલ્બેનીઝે જણાવ્યું હતું.સ્નેપચેટની ઈન્ડસ્ટ્રી બોડી 'ડિજી'એ ચેતવણી આપી હતી કે આવા પ્રતિબંધથી યુવાનોને માનસિક સ્વાસ્થ્ય સહાયતા મળવાથી રોકી શકાશે. પ્રવક્તાએ કહ્યું કે, સ્વિમિંગમાં જોખમો છે પરંતુ અમે યુવાનોને બીચ પર જતા રોકતા નથી, તેના માટે અમે તેમને તરવાનું શીખવીએ છીએ, ફેસબૂક અને ઈન્સ્ટાગ્રામની પેરેન્ટ કંપની મેટાએ કહ્યું કે તે કોઈ વય મર્યાદા લાદશે નહીં ઓસ્ટ્રેલિયન સરકાર દ્વારા લાદવામાં આવશે.

### કાશ્મીર ખીણમાં આ મહિનાના પહેલા અઠવાડિયામાં

# સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ૫ મોટી અથડામણ થઈ । ૮ આતંકવાદીઓ માર્યા ગયા

**કેતસન, બાંદીપોરા, ઉત્તર કાશ્મીરમાં એક એક્રાઉન્ટરમાં, સેનાએ એક પાકિસ્તાની મૂળના આતંકવાદીને મારી નાખ્યો, જેની પાસેથી અમેરિકન રાઈફલ એમ-૪ પણ મળી આવી**

। શ્રીનગર,તા.૮ ।

કાશ્મીર ખીણમાં આ મહિનાના પહેલા અઠવાડિયામાં, વિવિધ જિલ્લામાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ૫ મોટી એક્રાઉન્ટર જોવા મળી હતી, જેમાં સુરક્ષા દળોને ૮ આતંકવાદીઓને ઠાર કરવામાં સફળતા મળી હતી. સુરક્ષા દળો દ્વારા માર્યા ગયેલા ૮ આતંકવાદીઓમાંથી ૮ કોઈ ઉચ્ચ કક્ષાના હતા અને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ ૮ આતંકવાદીઓમાંથી ૭ વિદેશી મૂળના હતા અને પાકિસ્તાની હતા.



૨ નવેમ્બરના રોજ, સુરક્ષા દળોએ શ્રીનગરના ખાનયારમાં વરિષ્ઠ લશ્કર કમાન્ડર ઉસ્માન લશ્કરીને મારી નાખ્યો તે પાકિસ્તાની મૂળનો કમાન્ડર હતો અને છેલ્લા ૨૦ વર્ષથી લશ્કર સાથે સંકળાયેલો હતો. તે જ દિવસે, અનંતનાગના લાર્નુ કોકરનાગમાં, સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર માર્યા હતા, જેમાંથી એક અરબાઝ નામનો સ્થાનિક આતંકવાદી અને પાકિસ્તાની મૂળનો આતંકવાદી હતો. અરબાઝ પહેલા જમ્મુ અને પછી કાશ્મીરમાં જૈશના શેડો નેટવર્ક પીએએફએફ સાથે સંકળાયેલો હતો.

કેતસન, બાંદીપોરા, ઉત્તર કાશ્મીરમાં એક એક્રાઉન્ટરમાં, સેનાએ એક પાકિસ્તાની મૂળના આતંકવાદીને મારી નાખ્યો, જેની પાસેથી અમેરિકન રાઈફલ એમ-૪ પણ મળી આવી, જે સામાન્ય રીતે ટોચના કમાન્ડરો પાસે હોય છે. ૫ નવેમ્બરે જ, કુપવાડાના લોલાભ જંગલોમાં અન્ય એક અથડામણમાં, સેનાએ એક પાકિસ્તાની મૂળના આતંકવાદીને ઠાર માર્યો હતો, જેની પાસેથી દારૂગોળોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. ૭ નવેમ્બરના રોજ બારામુલ્લાના પાણીપોરા, સોપોરમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચેની અથડામણમાં અત્યાર સુધીમાં ૨ આતંકવાદીઓ માર્યા ગયા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે તેઓ કુદરતી રીતે પાકિસ્તાની મૂળના છે.

કાશ્મીરમાં તાજેતરની વિધાનસભાની ચૂંટણીઓ દરમિયાન કોઈ આતંકવાદી ઘટનાઓ જોવા મળી ન હતી, જ્યારે છૂટાછવાયા બનાવોનો આતંકવાદનો ગ્રાફ ૨૦૧૯ પછીનો સૌથી નીચો નોંધાયો હતો, જે નિષ્ણાતોના મતે, આતંકવાદી સંગઠનોમાં ભારે તણાવ પેદા કરી રહ્યો છે અને તેમના દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઉદ્દેશ્ય આ વાતાવરણને બગાડવાનો છે.

## ઓસ્ટ્રેલિયન ચેનલ પર વિદેશ મંત્રી જયશંકરની પ્રેસ કોન્ફરન્સ બતાવવા ઉપર પ્રતિબંધ

। નવીદિલ્હી, તા.૮ ।

કેનેડા સરકારે ભારતીય વિદેશ મંત્રી જયશંકરની પ્રેસ કોન્ફરન્સ બતાવવા માટે ઓસ્ટ્રેલિયાની ટીવી ન્યૂઝ ચેનલ 'ઓસ્ટ્રેલિયા ટુડે'ના સોશિયલ મીડિયા એકાઉન્ટના પેજને બ્લોક કરી દીધું છે. જેના પર ભારતીય વિદેશ મંત્રાલયે આકરી પ્રતિક્રિયા આપી છે અને કેનેડાને ફટકાર લગાવી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે અમને જાણવા મળ્યું છે કે કેનેડામાં એક મહત્વપૂર્ણ સ્થળાંતર આઉટલેટનું સોશિયલ મીડિયા હેન્ડલ, પેજ બ્લોક કરવામાં આવ્યું છે. આ ઘટનાએ અભિવ્યક્તિની સ્વતંત્રતા પ્રત્યે કેનેડાના દંભને છતી કરી દીધો છે.કેનેડાએ આ કાર્યવાહી વિદેશ મંત્રી એસ જયશંકર અને ઓસ્ટ્રેલિયામાં તેમના સમકક્ષ પેની વોંગની સાક્ષા પ્રેસ કોન્ફરન્સના કલાકો બાદ કરી હતી. આ પીસીમાં જયશંકરે કેનેડા પર કોઈ પુરાવા વિના ભારત પર આરોપ લગાવવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. ઓસ્ટ્રેલિયન ચેનલે કેનેડામાં આ પીસીનું પ્રસારણ કર્યું હતું.


### બીજાં લગ્નનો તેને અધિકાર છે, પરંતુ તે માટેની કિંમત ચૂકવવાની રહે છે

# મુસ્લિમ પુરુષનાં બીજાં લગ્ન એ પહેલી પત્ની સાથે ક્રૂરતા સમાનઃ મદ્રાસ હાઈકોર્ટ

**પતિએ પોતાના બચાવમાં દલીલ કરી હતી કે પ્રથમ પત્ની મેડિકલ ડોક્ટર છે અને તેને કોઈપણ પ્રકારની ઘરેલુ હિંસાનો સામનો કરવો પડ્યો નથી**

। ચેન્નાઈ, તા.૮ ।

મદ્રાસ હાઈકોર્ટે તાજેતરમાં એક મુસ્લિમ પુરુષના બીજા લગ્નને તેની પહેલી પત્ની પ્રત્યેની ક્રૂરતા ગણાવીને તેને રૂ. ૫ લાખનું વળતર ચૂકવવાના આદેશને યથાવત રાખ્યો હતો. જસ્ટિસ જી.આર. સ્વામીનાથને કહ્યું હતું કે બીજા લગ્નને કારણે પ્રથમ પત્નીને માનસિક તણાવ અને પીડાનો સામનો કરવો પડે છે, જે ક્રૂરતાના દાયરામાં આવે છે. તેથી, નીચલી અદાલતોએ ૫ લાખનો દંડ ફટકાર્યો છે જે યોગ્ય છે.૨૦૨૧ માં, મેજિસ્ટ્રેટે પતિને ઘરેલું હિંસા માટે ૫ લાખ રૂપિયા વળતર અને સગીર બાળકના ભરણપોષણ માટે ૨૫,૦૦૦ રૂપિયા પ્રતિ માસ ચૂકવવાનો આદેશ આપ્યો હતો. પતિએ આ નિર્ણય સામે એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ, તિરુનેલવેલી સમક્ષ અપીલ કરી હતી, પરંતુ તેને ફગાવી



દેવામાં આવી હતી. ત્યારબાદ તેણે આ આદેશને મદ્રાસ હાઈકોર્ટમાં પડકાર્યો હતો.પતિએ પોતાના બચાવમાં દલીલ કરી હતી કે પ્રથમ પત્ની મેડિકલ ડોક્ટર છે અને તેને કોઈપણ પ્રકારની ઘરેલુ હિંસાનો સામનો કરવો પડ્યો નથી. તેણે દાવો કર્યો હતો કે તેના પ્રથમ લગ્ન છૂટાછેડા દ્વારા સમાપ્ત થઈ ગયા હતા, અને તમિલનાડુ તૌહીદ જમાતની શરિયા કાઉન્સિલે છૂટાછેડાનું પ્રમાણપત્ર ઈશ્યુ કર્યું હતું. જો કે કોર્ટે આ દલીલ ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું હતું કે પતિએ તેના પ્રથમ લગ્નના અંતનો કોઈ ન્યાયિક પુરાવો રજૂ કર્યો નથી. કોર્ટે જણાવ્યું હતું કે તેમની પ્રથમ પત્ની સાથેના તેમના લગ્ન હજુ પણ કાયદેસર રીતે માન્ય છે. કોર્ટે એ પણ સ્વીકાર્યું કે મુસ્લિમ પુરુષને બીજી વાર લગ્ન કરવાનો અધિકાર છે, પરંતુ તે તેની પ્રથમ પત્ની માટે ભરણપોષણનો અધિકાર જાળવી રાખે છે.

### ઉત્તર પ્રદેશ રાજ્યમાં મહિલા આયોગે મૂક્યો પ્રસ્તાવ

# યુપીમાં પુરૂષ દરજી મહિલાના કપડાનું માપ ન લઈ શકે

**૨૮ ઓક્ટોબરે લખનૌમાં મળેલી બેઠકમાં મહિલા આયોગના આ સૂચનોની ચર્ચા કરવામાં આવી હતી**

। લખનૌ, તા.૮ ।

ઉત્તર પ્રદેશ રાજ્ય મહિલા આયોગે જાહેર સ્થળોએ મહિલાઓની સુરક્ષા માટે નવી માર્ગદર્શિકાનો પ્રસ્તાવ મૂક્યો છે. કમિશન પુરૂષ દરજીઓને મહિલાઓનું માપ લેતા અટકાવવા પણ વિચારી રહ્યું છે. યુપી પેનલે પ્રસ્તાવ મૂક્યો છે કે કોઈ પણ પુરુષ દરજી મહિલાઓનું માપ લઈ શકે નહીં. આ સાથે મહિલાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને મહિલા આયોગે કહ્યું કે જીમ અને યોગ કેન્દ્રોમાં મહિલા ટ્રેનર હોવી જોઈએ. જીમ અને યોગ કેન્દ્રોમાં ડીવીઆર સહિતના સીસીટીવી કેમેરા ફરજિયાત બનાવવા જોઈએ. સ્કૂલ બસમાં મહિલા સુરક્ષા ગાર્ડ અથવા મહિલા શિક્ષિકા હોવી જોઈએ. ૨૮ ઓક્ટોબરે લખનૌમાં મળેલી બેઠકમાં મહિલા આયોગના આ સૂચનોની ચર્ચા કરવામાં આવી હતી. મહિલા આયોગના સભ્યોએ મહિલાઓની સુરક્ષા અંગે વિચાર મંથન કર્યું હતું. મહિલા આયોગે મહિલાઓની સુરક્ષા અને તેમના અધિકારોની સુરક્ષા માટે કેટલાક નિર્ણયો લીધા છે. જો કે, અમલીકરણ કરવું પડશે. આ દરખાસ્તોની શક્યતા અંગે નિર્ણય લેવાનો બાકી છે. એકવાર મંજૂર થયા પછી, આ દરખાસ્તો જમીન સ્તરે અમલીકરણ માટે નીતિનો મુસદ્દો તૈયાર કરવા માટે સરકારને સબમિટ કરવામાં આવશે. દરખાસ્તમાં જણાવાયું છે કે બુટિક કેન્દ્રોએ સક્રિય ઝઝૂફ સર્વેલન્સ સાથે મહિલાઓના માપ લેવા માટે મહિલા દરજીઓની નિમણૂક કરવી પડશે.

## ન્યૂઝ બ્રિફ



### કોંગ્રેસ પણ કલમ ૩૭૦ અને ૩૫એ જેવી જ સ્થિતિ ભોગવશે : સીએમ યોગી

। લખનૌ, તા.૮ ।

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ પર નિશાન સાધતા કહ્યું કે આ લોકો ઘાટીમાં શાંતિ જોવા નથી માંગતા. કોંગ્રેસ અને તેના સાથી પક્ષો ઘાટીને આતંકવાદ તરફ ધકેલવામાં લાગેલા છે. લક્ષ્મણ મેળા ગ્રાઉન્ડ ખાતે અખિલ ભારતીય ભોજપુરી સમાજ દ્વારા આયોજિત કાર્યક્રમ દરમિયાન છઠ પૂજા પ્રસંગે સંબોધન કરતાં મુખ્યમંત્રીએ આ વાત કહી હતી. તેમણે કલમ ૩૭૦ અને ૩૫એને પુનઃસ્થાપિત કરવા અંગે કોંગ્રેસ અને તેના સહયોગીઓના રેટરિકની આકરી ટીકા કરી છે. થોડા સમય પહેલા જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં કલમ ૩૭૦ અને ૩૫છને પુનઃસ્થાપિત કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. આનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે કોંગ્રેસ અને તેના સહયોગી દળો ઘાટીમાંથી આતંકવાદનો અંત આવવા દેવા માંગતા નથી.

### ભારત સામે પાકિસ્તાન ઝૂક્યું, ચેમ્પિયન્સ ટ્રોફી પર મોટું અપડેટ, લાહોરમાં મેચ નહીં યોજાશે?

। મુંબઇ, તા.૮ ।

આવતા વર્ષે પાકિસ્તાનમાં ચેમ્પિયન્સ ટ્રોફી યોજાવાની છે. હજુ સુધી ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે તેનું સ્થળ નક્કી કર્યું નથી. આ દરમિયાન એક અહેવાલ સામે આવ્યો છે કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ ભારત સામે ઝૂકવા તૈયાર છે. તમને જણાવી દઈએ કે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ હજુ સુધી ભારતીય ટીમને પાકિસ્તાન પ્રવાસ પર મોકલવા માટે સહમત નથી.અહેવાલ અનુસાર, ચેમ્પિયન્સ ટ્રોફી હેઠળ, ભારત તેની મેચો સંયુક્ત આરબ અમીરાત અને શારજાહમાં રમી શકે છે. તે જ સમયે,પીસીબી આ ટૂર્નામેન્ટને હાઈબ્રિડ મોડલમાં આયોજિત કરવા માટે પણ સંમત થઈ શકે છે. પીસીબીના એક વિશ્વસનીય સૂત્રએ પીટીઆઈને જણાવ્યું હતું કે, "પીસીબીને લાગે છે કે જો ભારત સરકાર પાકિસ્તાન પ્રવાસને મંજૂરી ન આપે તો પણ સમયપત્રકમાં કેટલાક ફેરફારો કરવામાં આવી શકે છે કારણ કે ભારત તેની મેચો દુબઈ અથવા શારજાહમાં રમશે તેવી સંભાવના છે. " એ વાત જાણીતી છે કે, જ્યારે પાકિસ્તાને છેલ્લે ૨૦૨૩માં એશિયા કપનું આયોજન કર્યું હતું.

## સમોસાના કારણે પાંચ પોલીસકર્મીઓને કારણ બતાવો નોટિસ ફટકારવામાં આવી

। શિમલા, તા.૮ ।

ભારતમાં સમોસાનો ક્રેઝ અલગ સ્તરે છે. હોટલથી લઈને રસ્તાના કિનારે લોકો સમોસા ખાતા જોવા મળશે. પરંતુ શું તમે વિચાર્યું છે કે સમોસા સમગ્ર પોલીસ પ્રશાસનની ઊંઘ હરામ કરી શકે છે? કોંગ્રેસ શાસિત રાજ્ય હિમાચલ પ્રદેશમાં પણ કંઈક આવું જ બન્યું છે. આ દિવસોમાં હિમાચલની રાજનીતિમાં સમોસા પ્રચલિત છે. સમોસાના કારણે પાંચ પોલીસકર્મીઓને કારણ બતાવો નોટિસ ફટકારવામાં આવી છે. એટલું જ નહીં તેની સામે કડક શિસ્તભંગના પગલાંની ભલામણ કરવામાં આવી છે. રાજ્ય CID તેની તપાસ કરી રહી છે.હકીકતમાં, ૨૧ ઓક્ટોબરના રોજ મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુ સાયબર વિંગ સ્ટેશનનું ઉદ્ઘાટન કરવા CID હેડક્વાર્ટર ગયા હતા. અહીં મુખ્યમંત્રી માટે લાવવામાં આવેલા કેસ અને સમોસા તેમના સ્ટાફમાં વહેંચવામાં આવ્યા હતા. સીઆઈડીએ તેની તપાસ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું કે માત્ર એસઆઈને જ ખબર હતી કે આ બોક્સ ખાસ કરીને સીએમ સુખુ માટે છે.તપાસમાં જાણવા મળ્યું કે જ્યારે આ કોચ મહિલા નિરીક્ષકને સોંપવામાં આવ્યા હતા, ત્યારે તેણે કોઈ વરિષ્ઠ અધિકારી સાથે પુષ્ટિ કરી ન હતી.

## અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને જાહેરાત કરી, 'ડોનાલ્ડ ટ્રમ્પને શાંતિથી સત્તા સોંપીશું'

। વોશિગ્ટન, તા.૮ ।

અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને કહ્યું કે તેઓ રાષ્ટ્રપતિ ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પને શાંતિપૂર્ણ રીતે સત્તા સ્થાનાંતરિત કરશે. તેમણે અમેરિકન લોકોને રાજકીય તાપમાન નીચે લાવવાની અપીલ કરી હતી. જો બિડેને ગુરુવારે રાષ્ટ્રને સંબોધિત કરતા કહ્યું, તમે માત્ર જીતીને તમારા દેશને પ્રેમ કરી શકતા નથી. જો તમે સંમત થાઓ તો જ તમે તમારા પાડોશીને પ્રેમ કરી શકતા નથી. તમે કોને મત આપ્યો છે તે ધ્યાનમાં લીધા વિના, ચાલો એકબીજાને પ્રતિસ્પર્ધી તરીકે નહીં પરંતુ સાથી અમેરિકન તરીકે જોઈને તાપમાન ઘટાડીએ.

## ભારતીય દૂતાવાસને સુરક્ષા આપવાનો સાફ ઈનકાર

। ઓટાવા, તા.૮ ।

કેનેડાએ ભારતના વાણિજ્ય દૂતાવાસને સુરક્ષા આપવાનો ઈનકાર કર્યો છે. ત્યારબાદ ટોરોન્ટોમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસે કેટલાક અગાઉ નિર્ધારિત દૂતાવાસ કેમ્પને રદ કરવાની જાહેરાત કરી હતી. દૂતાવાસે જણાવ્યું હતું કે, 'કેનેડિયન સુરક્ષા અધિકારીઓએ લઘુત્તમ સુરક્ષા પ્રદાન કરવામાં અસમર્થતા દર્શાવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.'કેનેડાના બ્રેમ્પટનમાં હિન્દુ મંદિરની બહાર ભારત વિરોધી ઉગ્રવાદીઓએ હિંસા ફેલાવી હતી. જ્યાં વાણિજ્ય દૂતાવાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉગ્રવાદીઓએ મહિલાઓ, બાળકો અને વૃદ્ધો પર હુમલો કર્યો હતો. આ સમગ્ર મામલે આકરી પ્રતિક્રિયા આપી હતી અને કેનેડા સમક્ષ ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવાનો અને તમામ મંદિરોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો મુદ્દો ઊઠાવ્યો હતો.ઓટાવામાં ભારતના હાઈ કમિશન અને વાનકુવર અને ટોરોન્ટોમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસે જીવન પ્રમાણપત્રના લાભાર્થીઓના લાભ અને સુવિધા માટે દૂતાવાસ કેમ્પનું આયોજન કર્યું હતું. કેનેડાની હાલની સુરક્ષા ચિંતાઓના આધારે, કેનેડિયન સત્તાવાળાઓને દૂતાવાસ કેમ્પની આસપાસ મજબૂત સુરક્ષા પ્રદાન કરવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું.

**વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સ્પષ્ટતા કરી** | **આપણી અર્થવ્યવસ્થા ત્યારે જ મજબૂત બનશે, જ્યારે તમામ વ્યાવસાયો માટે સ્વતંત્ર અને નિષ્પક્ષ સ્થાન હશે**

# મારો વિરોધ બિઝનેસ સામે નહીં, ઈજારાશાહી સામે છે : રાહુલ ગાંધી

। નવી દિલ્હી, તા.૮ ।

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ એક મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યું કે, "હું વ્યાપાર વિરોધી નથી, જેવી રીતે ભાજપ કહી રહ્યું છે, પરંતુ હું ઈજારાશાહીની વિરુદ્ધમાં છું." આ ટિપ્પણી એક જાણીતા અખબારમાં લખેલા એક લેખના એક દિવસ પછી આવી છે, જેમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, "મૂળ ઈસ્ટ ઈન્ડિયા કંપની ૧૫૦ વર્ષ પહેલા ખતમ થઈ ગઈ હતી, પરંતુ ત્યાર પછી પેદા થયેલો ડર પરત આવી ગયો છે, કારણ કે ઈજારાશાહીની એક નવી જાતે તેનું(ઈસ્ટ ઈન્ડિયા



કંપની) સ્થાન લઈ લીધું છે." જોકે, રાહુલ ગાંધી ભારપૂર્વક કહ્યું હતું કે, "પ્રગતિશીલ ભારતીય વ્યાપાર માટે નવો કરાર એક એવો વિચાર છે, જેનો હવે સમય આવી ગયો છે."સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વીડિયોમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, "હું એક વાત બિલકુલ સ્પષ્ટ કરવા ઈચ્છું છું, મને ભાજપમાં મારા વિરોધીઓ દ્વારા વ્યાપાર વિરોધી હોવા તરીકે રજૂ કરવામાં આવી રહ્યો છે. પરંતુ હું વ્યાપાર વિરોધી બિલકુલ નથી, હું ઈજારાશાહી (મોનોપોલી)ની વિરુદ્ધમાં છું. હું એક, બે કે પાંચ લોકો દ્વારા વ્યાપાર પર વર્ચસ્વ જમાવવાના વિરોધમાં છું." આ સાથે રાહુલ ગાંધીએ કહ્યું કે, "હું નોકરીઓનો સમર્થક છું, વ્યાપારનો સમર્થક છું, સંશોધનનો સમર્થક છું, હરિફાઈનો સમર્થક છું. હું ફક્ત ઈજારાશાહીનો વિરોધી છું. આપણી અર્થવ્યવસ્થા ત્યારે જ મજબૂત બનશે, જ્યારે તમામ વ્યાવસાયો માટે સ્વતંત્ર અને નિષ્પક્ષ સ્થાન હશે."લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ એક મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યું કે, "હું વ્યાપાર વિરોધી નથી, જેવી રીતે ભાજપ કહી રહ્યું છે, પરંતુ હું ઈજારાશાહીની વિરુદ્ધમાં છું." આ ટિપ્પણી એક જાણીતા અખબારમાં લખેલા એક લેખના એક દિવસ પછી આવી છે, જેમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, "મૂળ ઈસ્ટ ઈન્ડિયા કંપની ૧૫૦ વર્ષ પહેલા ખતમ થઈ ગઈ હતી, પરંતુ ત્યાર પછી પેદા થયેલો ડર પરત આવી ગયો છે.

### પીએમની પ્રથમ જાહેરસભા આજે ધુળેમાં યોજાશે

# પીએમ નરેન્દ્ર મોદી મહારાષ્ટ્રમાં એક અઠવાડિયામાં ૯ ચૂંટણીસભા સંબોધશે

**રાહુલ ગાંધી ૧૨, ૧૪ અને ૧૬ નવેમ્બરે પોતાનું ચૂંટણી અભિયાન ચલાવશે, જ્યારે પ્રિયંકા ગાંધી ૧૩, ૧૬ અને ૧૭મી નવેમ્બરે ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કરશે**

। મુંબઈ, તા.૮ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષોએ એડીચોટીનું જોર લગાવી દીધું છે. આ દરમિયાન વડાપ્રધાન મોદી મહારાષ્ટ્રમાં એક સપ્તાહમાં કુલ ૯ જાહેરસભા સંબોધિત કરશે, અને તેમની પ્રથમ જાહેરસભા ૮મી નવેમ્બરને શુક્રવારે ધુલેમાં યોજાશે, તેમ મહારાષ્ટ્ર પ્રદેશ ભાજપે સત્તાવાર રીતે જણાવ્યું છે. વડાપ્રધાન ૧૨મી નવેમ્બરે પૂણેમાં એક રોડ શો યોજશે. મોદીની પ્રથમ રેલી શુક્રવારે બપોરે ૧૨ કલાકે ધુલેમાં યોજાશે. ત્યાર પછી બપોરે ૨ કલાકે નાસિકમાં એક જાહેરસભા સંબોધિત કરશે. ૯મી નવેમ્બરે બપોરે ૧૨ કલાકે અકોલામાં અને બપોરે ૨ કલાકે નાંદેડમાં પ્રચાર કરશે. તેઓ ચિમૂર(ચંદ્રપુર જિલ્લા) માં અને સોલાપુરમાં રેલીઓ સંબોધિત કરશે, અને આ જ દિવસે સાંજે પૂણેમાં એક રોડ શો યોજશે. ત્યાર પછી પીએમ મોદી ૧૪મી નવેમ્બરે છત્રપતિ સંભાજીનગર, રાયગઢ અને મુંબઈમાં રેલીઓ સંબોધિત કરશે.લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી પ્રિયંકા ગાંધી વાડ્રા આગામી સપ્તાહમાં મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડી માટે ચૂંટણી પ્રચાર કરશે, તેમ એઆઈસીસીના મહામંત્રી રમેશ ચેન્નિથલાએ જણાવ્યું છે. આ પ્રચાર અભિયાનમાં તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી, કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને પાર્ટીના અન્ય વરિષ્ઠ નેતાઓ પણ જોડાશે. ખડગે ૧૩, ૧૪, ૧૬, ૧૭ અને ૧૮મી નવેમ્બરે રાજ્યભરમાં રેલીઓની શ્રૃંખલાની સાથે પાંચ દિવસની ચૂંટણી યાત્રા કરશે. રાહુલ ગાંધી ૧૨, ૧૪ અને ૧૬ નવેમ્બરે પોતાનું ચૂંટણી અભિયાન ચલાવશે. જ્યારે પ્રિયંકા ગાંધી ૧૩, ૧૬ અને ૧૭મી નવેમ્બરે ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કરશે.

### આખું મહારાષ્ટ્ર જોઈ રહ્યું છે કે

# કોંગ્રેસને આઘાડીના લોકો કેવી રીતે મહિલાઓ સાથે દુર્વ્યવહાર કરવા લાગ્યા છે : વડાપ્રધાન

**વિકસિત મહારાષ્ટ્ર અને વિકસિત ભારત માટે આપણી બહેનો અને દીકરીઓનું જીવન સરળ બનાવવું અને તેમને સશક્ત બનાવવું ખૂબ જ જરૂરી છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી**

। મુંબઇ, તા.૮ ।



મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીની તારીખ નજીક આવી રહી છે. કોઈપણ રીતે, રાજકીય ગલિયારામાં હલચલ વધી રહી છે. હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ મહારાષ્ટ્રના ધુલે અને નાસિકમાં ચૂંટણી રેલીને સંબોધીને ચૂંટણી પ્રચારની શરૂઆત કરી હતી. તેમણે સભામાં આવેલા લોકોનો આભાર માન્યો અને આ પછી તેમણે મહાવિકાસ અઘાડી પર પ્રહારો કર્યા.તેમણે કહ્યું, 'જ્યારે પણ મેં મહારાષ્ટ્ર પાસેથી કંઈપણ માંગ્યું છે, ત્યારે મહારાષ્ટ્રના લોકોએ મને ઉદારતાથી તેમના આશીર્વાદ આપ્યા છે. હું ૨૦૧૪ની વિધાનસભા ચૂંટણી વખતે તમારી વચ્ચે ધુળે આવ્યો હતો. મેં તમને મહારાષ્ટ્રમાં ભાજપ સરકાર માટે વિનંતી કરી હતી. તમે મહારાષ્ટ્રમાં ૧૫ વર્ષના લાંબા રાજકીય ચક્રને તોડીને ભાજપને અભૂતપૂર્વ જીત અપાવી. આજે હું ફરી એકવાર અહીં ધુળેની ધરતી પર આવ્યો છું. હું ધુલેથી જ મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચારની શરૂઆત કરી રહ્યો છું.પીએમ મોદીએ કહ્યું, 'મહારાષ્ટ્રની જનતાએ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ અને એનડીએની જીતનું રણશિંગુ વગાડ્યું છે. વિકસિત મહારાષ્ટ્ર અને વિકસિત ભારત માટે આપણી બહેનો અને દીકરીઓનું જીવન સરળ બનાવવું અને તેમને સશક્ત બનાવવું ખૂબ જ જરૂરી છે. જ્યારે મહિલાઓ આગળ વધે છે ત્યારે સમગ્ર સમાજ ઝડપથી આગળ વધે છે. તેથી છેલ્લા ૧૦ વર્ષમાં કેન્દ્ર સરકારે મહિલાઓને કેન્દ્રમાં રાખીને મોટા નિર્ણયો લીધા છે.તેમણે કહ્યું, 'ભાજપે હંમેશા 'સબકા સાથ-સબકા વિકાસ'ના ઈરાદા સાથે કામ કર્યું છે. આપણો આદિવાસી સમાજ પણ આ ઠરાવનો મહત્વનો ભાગ છે. આ એ સમાજ છે જેણે દેશની આઝાદી અને વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે. પરંતુ કોંગ્રેસ અને તેના સાથીઓએ ક્યારેય આદિવાસી ગૌરવ અને આદિવાસી સ્વાભિમાન પર ધ્યાન આપ્યું નથી.તેમણે વધુમાં કહ્યું કે, 'આખું મહારાષ્ટ્ર જોઈ રહ્યું છે કે કોંગ્રેસ અને આઘાડીના લોકો હવે કેવી રીતે મહિલાઓ સાથે દુર્વ્યવહાર કરવા લાગ્યા છે.

## ન્યૂઝ બ્રિફ



**દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ બોલિવૂડના અદ્ભુત કપલ્સમાંથી એક**

### દીપિકા પાદુકોણ ઘાયલ થયા પછી પણ કામ કરતી જોવા મળી

। મુંબઇ, તા.૮ ।

દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ બોલિવૂડના અદ્ભુત કપલ્સમાંથી એક છે. હાલમાં જ દીપિકાએ પુત્રીને જન્મ આપ્યો છે. દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ એકબીજાને ખૂબ જ પ્રેમ કરે છે. દીપિકા પાદુકોણે જણાવ્યું કે જ્યારે દીપિકાને ઈજા થઈ તો રણવીર સિંહે તેને ઠપકો આપ્યો. કોવિડ ૧૯ રોગચાળા દરમિયાન જ્યારે ભારત સંપૂર્ણ રીતે લોકડાઉન હતું, ત્યારે રણવીર સિંહ અને દીપિકા પાદુકોણને ઘરે એકબીજા સાથે રહેવાનો સમય મળ્યો. દીપિકાએ એક ઈન્ટરવ્યુ દરમિયાન જણાવ્યું કે તે ઘરની સંભાળ રાખવામાં વ્યસ્ત હતી. દીપિકાએ કહ્યું કે તે ઘરમાં નિષ્ક્રિય બેસી શકતી નથી. આ જ કારણે તેમના પતિ તેમને આખો સમય કામ કરતા અટકાવે છે. તેણે ઈન્ટરવ્યુમાં કહ્યું કે રોકી ઔર રાની કી પ્રેમ કહાની સ્ટાર તેને સતત એક જગ્યાએ બેસીને કંઈક કરવાનું કહે છે. દીપિકાએ કહ્યું કે તે સતત કંઈકને કંઈક કરતી રહે છે.



### જ્યારે મને ચિંતા થાય છે ત્યારે મારું વજન વધે છે : અર્જુન કપૂર

। મુંબઇ, તા.૮ ।

અર્જુન કપૂર 'સિંઘમ અગેન' રિલીઝ થયા બાદથી જ ચર્ચામાં છે. અભિનેતાના અભિનયના ખૂબ વખાણ થયા હતા. તેણે ડેન્જર લંકાના રોલમાં દર્શકોનું મનોરંજન કર્યું હતું. નેગેટિવ પાત્રો તેને સારી રીતે અનુરૂપ હતા અને તેણે લીડ સ્ટાર્સને પણ બરતરફ કરી દીધા હતા. તેની સામે કોઈ ટકી શક્યું નહીં. હવે ફિલ્મની સફળતા બાદ અર્જુન કપૂરે પોતાના અંગત જીવન સાથે જોડાયેલો એક મોટો ખુલાસો કર્યો છે, જેને જાણીને તમે ચોંકી જશો. અભિનેતાએ કહ્યું કે તે હળવા ડિપ્રેશનમાંથી પસાર થઈ રહ્યો છે અને તે હાશિમોટો રોગથી પીડિત છે. તેણે આ રોગ સામે લડવામાં બે વર્ષ કેવી રીતે વિતાવ્યા અને તે તેની સાથે કેવી રીતે વ્યવહાર કરી રહ્યો છે તે વિગતવાર જણાવ્યું.ધ હોલીવુડ રિપોર્ટર ઈન્ડિયા સાથેની મુલાકાતમાં, અર્જુન કપૂર તેની નવી રોહિત શેટ્ટીની ફિલ્મ 'સિંઘમ અગેન' વિશે વાત કરી રહ્યો હતો જ્યારે તેણે ખુલાસો કર્યો કે તે એક્શન ફિલ્મના શૂટિંગ દરમિયાન હળવા ડિપ્રેશનમાં હતો.

### બિગ બોસ ૧૮માં એકતા કપૂર રજત દલાલ અને ચાહત પાંડેને ઠપકો આપતી જોવા મળી હતી

। મુંબઇ, તા.૮ ।

ટીવી જગતની જાણીતી હસ્તી એકતા કપૂર બિગ બોસ ૧૮ના શુક્રવારની વારમાં જોવા મળશે. એકતા કપૂરનો હાઈ ડ્રામા અને રોહિત શેટ્ટીની ઝાટકણી ફ્રાઈડે કા વારમાં જોવા મળશે. આ અઠવાડિયે શુક્રવાર વારમાં, ફક્ત રોહિત શેટ્ટી અને એકતા કપૂર જ શોને હોસ્ટ કરતા જોવા મળશે. એકતા, જે તેના નિખાલસ અને સીધા બોલવા માટે જાણીતી છે, તે બિગ બોસના ઘરમાં પણ તેની સ્પષ્ટવક્તા સાથે આવે છે અને સ્પર્ધકોના વર્તન પર કોઈપણ ખચકાટ વગર પ્રશ્નો ઉઠાવે છે.ૉશોમાં એકતા કપૂર વિવિયન ડીસેનાને અરીસો બતાવતી જોવા મળે છે. એકતા કપૂર વિવિયનને કહે છે કે મેં તને લોન્ચ કર્યો છે, તેથી હું તને કેટલાક પ્રશ્નો પણ પૂછી શકું છું. તમે તમારા કામની શેખી કોની પાસે કરો છો, જો તમે ૮-૧૦ વર્ષ કામ કર્યું હોય તો... તો શું.એકતા કપૂરે કહ્યું કે તમે કોણ છો તમારા કામ પર શેખી, આ તો તમારે કરવાનું હતું તો પછી તમે બિગ બોસમાં કેમ આવ્યા. હું આ મુદ્દો ઉઠાવવા માંગુ છું, જે મને ખરાબ રીતે નુકસાન પહોંચાડી રહ્યો છે.એકતા કપૂરે પણ ચાહત વિશે કહ્યું કે તમે કહો કે તમે મારી સાથે આવી રીતે કેવી રીતે વાત કરી શકો.

**કસ્ટમ વિભાગને મોટી રાહત, ડ્યૂટીની વસૂલાત કરી શકશે**

### સુપ્રીમ કોર્ટ ડીઆરઆઇ અધિકારીઓની શો કોઝ નોટિસની સત્તા બહાલ કરી

**કોર્ટે જણાવ્યું હતું કે કેનન ઇન્ડિયામાં ચુકાદો પરિપત્ર અને નોટિફિકેશન જોયા વિના આપવામાં આવ્યો હતો**

। નવી દિલ્હી, તા.૮ ।

દેશભરમાં કસ્ટમની સત્તાને મોટી અસર કરતાં એક મહત્વપૂર્ણ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સના અધિકારીઓને કસ્ટમ વિભાગ દ્વારા આયાત માટે પહેલેથી જ મંજૂર કરવામાં આવેલા માલ પર ડ્યૂટીની વસૂલાત કરવાની સત્તા છે.કસ્ટમ વિભાગની સમીક્ષા અરજીને મંજૂરી આપી સુપ્રીમ કોર્ટે તેના જ ૨૦૨૧ના ચુકાદાને ઉલટાવી દીધો હતો. ૨૦૨૧ના ચુકાદામાં કેનન ઈન્ડિયાના કેસમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે ડીઆરઆઈ અધિકારીઓ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ની કલમ ૨૮ હેઠળ નોટિસ જારી કરી શકે નહીં. ખંડપીઠ માટે ૧૬૨ પાનાનો ચુકાદો લખતા જસ્ટિસ પારડીવાલાએ ડીઆરઆઈ અધિકારીઓની શો-કોઝ નોટિસ જારી કરવાની અને ડ્યૂટીની વસૂલવાની સત્તાને કાયદેસર ગણાવી હતી અને જણાવ્યું હતું કે આ ચુકાદામાં કરવામાં આવેલા અવલોકનોને આધીન ડીઆરઆઈ કસ્ટમ્સ કમિશનરેટ્સ (પ્રિવેન્ટિવ), ડિરેક્ટોરેટ જનરલ ઑફ સેન્ટ્રલ એક્સાઈઝ ઈન્ટેલિજન્સ અને કમિશનરેટ ઑફ સેન્ટ્રલ એક્સાઈઝ અને અન્ય સમાન દરજ્જાના અધિકારીઓ કલમ ૨૮ના હેતુઓ માટેના યોગ્ય અધિકારીઓ છે અને શો-કોઝ નોટિસ જારીની સત્તા ધરાવે છે. આ ચુકાદો કસ્ટમ વિભાગ માટે મોટી રાહત આપનારો છે, કારણ કે કસ્ટમ વિભાગ ડ્યૂટી વસૂલાત સંબંધિત ઘણા કેસો લડી રહ્યું છે. કોર્ટે જણાવ્યું હતું કે કેનન ઈન્ડિયામાં ચુકાદો પરિપત્ર અને નોટિફિકેશન જોયા વિના આપવામાં આવ્યો હતો.

### ડિરેક્ટરના સેક્સ સ્કેન્ડલથી દેશભરમાં હડકંપ

# મધ્ય આફ્રિકાના ઈક્વેટોરિયલ ગિનીમાં અધિકારીના ૪૦૦ સેક્સ વીડિયો વાયરલ

**વ્યભિચારી અધિકારીએ રાષ્ટ્રપતિની બહેન, ૨૦ મંત્રીઓની પત્નીઓ ઉપરાંત પોતાની ભાભીને પણ ના છોડી । વીડિયોમાં અધિકારી જુદી-જુદી મહિલાઓ સાથે શારીરિક સંબંધો બનાવતો જોવા મળી રહ્યો છે**

। મલાબો, તા.૮ ।




મધ્ય આફ્રિકાના દેશ ઈક્વેટોરિયલ ગિનીમાંથી એક હેરાન કરનાર સમાચાર સામે આવ્યા છે. અહીંયાના એક ઉચ્ચ અધિકારીના લગભગ ૪૦૦ સેક્સ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયા છે. આ વીડિયોમાં અધિકારી જુદી-જુદી મહિલાઓ સાથે શારીરિક સંબંધો બનાવતો જોવા મળી રહ્યો છે. આ વીડિયો સામે આવ્યા પછી સમગ્ર દેશમાં હડકંપ મચી ગયો છે. આ વ્યભિચારી અધિકારી નેશનલ ફાઈનાશિયલ ઈન્વેસ્ટિગેશન એજન્સી(એએનઆઈએફ)ના ડિરેક્ટર છે, અને તેનુ નામ એબાંગ એંગોંગા છે. તેને જુદી-જુદી મહિલાઓની સાથે વીડિયો ક્લિપ્સમાં જોઈ શકાય છે. સૌથી હેરાન કરનારી બાબત એ છે કે એબાંગ એંગોંગાએ જે મહિલાઓ સાથે શારીરિક સંબંધો બનાવ્યા છે, એમાં રાષ્ટ્રપતિની બહેન અને પિતરાઈ, ૨૦થી વધુ મંત્રીઓની પત્ની અને સંબંધીઓ સામેલ છે. કથિત રીતે એબાંગ એંગોંગાએ પોતાના ભાઈની પત્ની અને પોલીસ ડાયરેક્ટર જનરલની પત્નીને પણ છોડી નથી.આ ઉપરાંત, કેટલાક ટોપ અધિકારીઓની પત્નીઓ અને સંબંધી મહિલા સાથે પણ યૌન સંબંધ બનાવતો જોવા મળી રહ્યો છે. મોટાભાગના વીડિયો નાણા મંત્રાલયની ઓફિસમાં રેકોર્ડ કરવામાં આવ્યા છે, જ્યાં એંગોંગાની ઓફિસ હતી. એબાંગ એંગોંગા ખુદ પણ વિવાહિત છે. સેક્સ સ્કેન્ડલના ૪૦૦ જેટલા વીડિયો સામે આવ્યા પછી, ત્યાંની સરકાર હચમચી ગઈ છે. ઉપરાષ્ટ્રપતિ ટેઓડોરો ન્ગુએમા ઓબિયાંગ મંગુએએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જાહેરાત કરી છે કે સરકારે મંત્રાલયોની અંતર્ગત આવતી વિવિધ ઓફિસોમાં યૌન સંબંધ બનાવનાર તમામ અધિકારીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો છે.

### 'ક્રાઈમ પેટ્રોલ'ના ફેમસ ટીવી એક્ટર નીતિન ચૌહાણે આત્મહત્યા કરી

। મુંબઇ, તા.૮ ।

પ્રખ્યાત ટીવી એક્ટર નીતિન ચૌહાણ આજે આપણી વચ્ચે નથી. તેણે કોઈ કારણોસર આપઘાત કર્યો છે. આ જાણકારી નીતિનના પૂર્વ કો-સ્ટારે એક પોસ્ટ દ્વારા આપી છે. રિયાલિટી શો દાદાગીરી ૨ ના વિજેતા પ્રખ્યાત ટીવી અભિનેતા નીતિન ચૌહાણનું ગુરુવારે મુંબઈમાં અવસાન થયું. તે માત્ર ૩૫ વર્ષનો હતો. નીતિન યુપીના અલીગઢ જિલ્લાનો રહેવાસી હતો. શો દાદાગીરી ૨ ઉપરાંત, નીતિને સ્પ્લિટ્સવિલાની સીઝન ૫ પણ જીતી હતી.અભિનેતા નીતિન યુપીના અલીગઢનો રહેવાસી હતો અને તેણે રિયાલિટી શો 'દાદગીરી ૨' જીતીને ઘણી ઓળખ મેળવી હતી.

### એમેઝોન, ફ્લિપકાર્ટના પ્રીફર્ડ વેન્ડર્સ પર ઈડીના દરોડા

। નવી દિલ્હી, તા.૮ ।

વિદેશી સીધાં રોકાણના નિયમોના ઉલ્લંઘનના મામલાની તપાસ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે એમેઝોન તથા ફ્લિપકાર્ટ સહિતની અગ્રણી ઈ-કોમર્સ કંપનીઓ પર કામ કરતાં પ્રીફર્ડ વેન્ડર્સના વિવિધ શહેરોમાં આવેલા સ્થળોએ સર્ચ કાર્યવાહી હાથ ધરી હતી. દિલ્હી, ગુરુગ્રામ, પંચકુલા, હૈદરાબાદ અને બેંગાલુરુ સહિતના શહેરોમાં કુલ ૧૯ સ્થળોએ કરાયેલી સર્ચની કામગીરી દરમિયાન ઈડીએ વિવિધ દસ્તાવેજોની નકલો જપ્ત કરી હતી.આ અંગે માહિતી આપતાં સૂત્રોએ જણાવ્યું હતું કે, બંને ઈ-કોમર્સ જાયન્ટ્સ પર માલ-સામાન અને સેવાઓની વેચાણ કિંમતોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રભાવિત કરી ભારતના સીધાં વિદેશી રોકાણ (એફડીઆઈ)ના નિયમોનું ઉલ્લંઘન કરવાનો અથવા તમામ વેન્ડર્સને સમાન તક નહીં આપતા હોવાના આક્ષેપો કરાયા છે. બંને ઈ-કોમર્સ કંપનીઓએ આ મામલે હજી સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (સીએઆઈટી)એ ઈડીની કાર્યવાહીને આવકારી હતી.

**એસડીએમ કોર્ટમાં આ નિર્ણય આપવામાં આવ્યો હતો**

**અરજીમાં કહેવામાં આવ્યું હતું કે જે જમીન પર મસ્જિદ બનાવવામાં આવી છે તે તળાવની છે, આ મસ્જિદ અહીં ગેરકાયદેસર રીતે બનાવવામાં આવી છે**

# બાગપતમાં ૫૦ વર્ષ જૂની મસ્જિદ તોડી પાડવાનો આદેશ । મુતવલ્લી ઉપર ૪.૧૨ લાખ જેટલો દંડ

। બાગપત, તા.૮ ।



બાગપતના રાજપુર ખામપુર ગામમાં એસડીએમ કોર્ટના નિર્ણયથી વાતાવરણ ગરમાયું છે. બાગપતમાં ૫૦ વર્ષ જૂની મસ્જિદને તોડી પાડવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. મુસ્લિમ અરજદાર ગુલશેરની ફરિયાદની સુનાવણી દરમિયાન એસડીએમ કોર્ટમાં આ નિર્ણય આપવામાં આવ્યો હતો. હાઈકોર્ટના આદેશ બાદ જિલ્લા પ્રશાસને તળાવની જમીન પર ગેરકાયદે કબજો કરીને બનાવવામાં આવેલી મસ્જિદને તોડી પાડવાનો આદેશ આપ્યો હતો અને મુતવલ્લી પર ૪.૧૨ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.બાગપત જિલ્લાના રાજપુર ખામપુર ગામમાં છેલ્લા ૫૦ વર્ષથી એક મસ્જિદ છે. આ જ ગામમાં રહેતા મુસ્લિમ યુવક ગુલશરે કોર્ટમાં અરજી કરી હતી. આ અરજીમાં કહેવામાં આવ્યું હતું કે જે જમીન પર મસ્જિદ બનાવવામાં આવી છે તે તળાવની છે. આ મસ્જિદ અહીં ગેરકાયદેસર રીતે બનાવવામાં આવી છે. આ તકિયા વલી મસ્જિદ તોડીને જમીનને અતિક્રમણમાંથી મુક્ત કરો. આ પછી મસ્જિદ તોડી પાડવાના આદેશ આપવામાં આવ્યા છે.ગુલશરે ૨૯ જુલાઈના રોજ હાઈકોર્ટમાં વિશેષ અરજી દાખલ કરી હતી. અરજદારની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે બાંધકામને ગેરકાયદેસર અતિક્રમણ ગણાવ્યું હતું અને રેવન્યુ કોડના આધારે તેનો નિકાલ કરવાનો આદેશ આપ્યો હતો. જ્યારે આદેશ જિલ્લા વહીવટીતંત્ર સુધી પહોંચ્યો, ત્યારે તહસીલદારે એકાઉન્ટન્ટ અને કાયદા અધિકારીઓ પાસેથી આ કેસનો રિપોર્ટ માંગ્યો અને સમગ્ર મામલાની તપાસ શરૂ કરી. તપાસના આધારે તહેસીલદારની કોર્ટમાં કેસ નોંધવામાં આવ્યો અને સુનાવણી શરૂ કરવામાં આવી અને પુરાવા, તથ્યો અને દસ્તાવેજોના આધારે મસ્જિદના મુતવલ્લીને નોટિસ ફટકારવામાં આવી.

**મસ્કે કરી આગાહી** | **ચાન્સેલરે કહ્યું કે તેમની 'સોશિયલ ડેમોક્રેટ્સ' અને 'ગ્રીન' પાર્ટી આવતા વર્ષની શરૂઆતમાં લઘુમતી સરકારમાં રહેશે**

# જસ્ટિન ટ્રુડો આગામી ચૂંટણીમાં હારી જશે : એલોન મસ્ક

। નવી દિલ્હી, તા.૮ ।





કેનેડામાં ડિસેમ્બર ૨૦૨૫ પહેલા ચૂંટણી યોજાવાની છે અને હાલમાં ટ્રુડો પોતાની લીબરલ પાર્ટીમાં વિરોધનો સામનો કરી રહ્યા છે.કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો વિશે અબજોપતિ એલોન મસ્કએ મોટી ભવિષ્યવાણી કરી છે. મસ્કનો દાવો છે કે ટ્રુડો આગામી ચૂંટણીમાં હારી જશે. હાલમાં જ અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાઈ હતી, જેમાં ડોનાલ્ડ ટ્રમ્પે ઐતિહાસિક જીત હાંસલ કરી હતી. ટ્રમ્પના પ્રચારમાં મસ્કની પણ મોટી ભૂમિકા હતી. ટ્રમ્પે પણ પોતાના ભાષણમાં ટેસ્લા ચીફનો ઘણી વખત ઉલ્લેખ કર્યો હતો.આ પણ વાંચો : ભારતીય દૂતાવાસને સુરક્ષા આપવાનો ઈનકાર, જસ્ટિન ટ્રુડો સરકારની અવળચંડાઈ! હાલમાં જ એક યુઝરે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં મસ્કને ટેગ કર્યો છે. તેણે લખ્યું, 'એલોન મસ્ક અમને ટ્રુડોથી છૂટકારો મેળવવા માટે તમારી મદદની જરૂર છે.' આના પર મસ્કે જવાબ આપ્યો, 'તે આગામી ચૂંટણીમાં હારી જશે.' ખાસ વાત એ છે કે કેનેડામાં ડિસેમ્બર ૨૦૨૫ પહેલા ચૂંટણી યોજાવાની છે અને હાલમાં ટ્રુડો પોતાની લીબરલ પાર્ટીમાં વિરોધનો સામનો કરી રહ્યા છે.આ અગાઉ, ત્રણ પક્ષીય જોડાણ તૂટ્યા બાદ મસ્કે જર્મન ચાન્સેલર ઓલાફ શુલ્ટ્ઝને 'મૂર્ખ' ગણાવ્યા હતા. વ્યાપાર તરફી પક્ષ 'ફ્રી ડેમોક્રેટ્સ'ના ક્રિશ્ચિયન લિંડનરને નાણામંત્રી પદેથી હટાવ્યા બાદ જર્મનીની ગઠબંધન સરકાર જોખમમાં છે.ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝે ગુરુવારે જણાવ્યું હતું કે તેઓ લઘુમતી સરકાર સાથે દેશનું નેતૃત્વ કરશે, જો કે વિપક્ષી નેતાઓએ વહેલી ચૂંટણીની હાકલ કરી છે. ચાન્સેલરે કહ્યું કે તેમની 'સોશિયલ ડેમોક્રેટ્સ' અને 'ગ્રીન' પાર્ટી આવતા વર્ષની શરૂઆતમાં લઘુમતી સરકારમાં રહેશે. જો કે, સંસદમાં સૌથી મોટા વિપક્ષી જૂથના નેતા 'ક્રિશ્ચિયન ડેમોક્રેટ્સ'ના ફ્રેડરિક મર્ઝે અવિશ્વાસ પ્રસ્તાવ પર મતદાન કરવા અને ચૂંટણી યોજવાની હાકલ કરી છે.

## બનાસકાંઠાના અંબાજીમાં સગીરા પર છ નરાધમોએ દુષ્કર્મ આચર્યુ

। અંબાજી,તા.૮ ।

બનાસકાંઠાના અંબાજીમાં સગીરા પર દુષ્કર્મ કરવામાં આવ્યું છે. સગીરા મોટા પપ્પાના ઘરે જવા નીકળી ત્યારે આ ઘટના બની હતી. સગીરાને ઓળખતો શખ્સ તેને બાઈક પર બેસાડીને લઈ ગયો હતો. તેને છ નરાધમોએ રોડની બાજુએ લઈ જઈને દુષ્કર્મ કર્યુ હતું.સગીરા અર્ધબેભાન થતાં નરાધમો ફરાર થયા હતા. સગીરાની માતે અંબાજી મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બળાત્કારીઓને ઝડપી લેવા માટે તપાસ હાથ ધરી છે. સગીરાની માથાએ અંબાજી પોલીસ મથકે આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે સગીરાની માતાની ફરિયાદના પગલે તપાસ હાથ ધરી છે અને સગીરાને તબીબી તપાસ માટે મોકલી આપી છે. તેથી તેમા બળાત્કાર પછી તબીબી તપાસનો રિપોર્ટ મહત્વની ભૂમિકા ભજવશે.

### આગામી તા.૧૨ નવેમ્બર થી તા.૧૫ નવેમ્બર સુધી યોજનારી પરંપરાગત

# ગિરનાર લીલી પરિક્રમા માટે ૩ સ્પેશિયલ ટ્રેન મુકાઇ । ફાકી ખાનારાની ખેર નહીં

### પરિક્રમામાં યાત્રાળુઓની કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે સંબંધિત વિભાગોએ આયોજન કર્યું છે

। માહિતી બ્યુરો,જૂનાગઢ,તા.૮ ।

આગામી તા.૧૨ નવેમ્બર થી તા.૧૫ નવેમ્બર સુધી યોજાનારી પરંપરાગત ગિરનારની લીલી પરિક્રમાની તમામ તૈયારીઓ જિલ્લા વહીવટી તંત્ર એ પૂર્ણ કરી છે. જૂનાગઢ કલેક્ટર અનિલ કુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને ગિરનારની પરિક્રમાની તૈયારી અંગેની બેઠક મળી હતી જેમાં કલેકટર સહિતના જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને સાધુ સંતો તેમજ અન્ન ક્ષેત્રોના પ્રતિનિધિઓ એ યાત્રાળુ માટે જરૂરી વ્યવસ્થાઓ સુવિધા અંગે સંવાદ કરી પરિક્રમા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય અને યાત્રાળુઓને અગવડતા ન



પડે તે માટે આખરી આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં કલેક્ટરએ જણાવ્યું હતું કે ગિરનારની લીલી પરિક્રમામાં યાત્રાળુઓની કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે સંબંધિત વિભાગોએ આયોજન કર્યું છે ગિરનારની લીલી પરિક્રમામાં જંગલ સ્વચ્છ રહે રૂટ ઉપર ક્યાંય કચરો ન થાય તેમજ અન્ય ક્ષેત્રો દ્વારા ગંદકી કરવામાં ન આવે અને તે માટેની વ્યવસ્થામાં તંત્રને સહયોગ આપવામાં આવે તે માટે કલેક્ટર અનુરોધ કર્યો હતો અને સ્વચ્છતા ની તમામ કામગીરી પર દેખરેખ રાખવામાં આવશે તેમ પણ કલેકટરે જણાવ્યું હતું. અન્ન ક્ષેત્રો સહિતના સંસ્થાઓએ પરિક્રમામાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે જન જાગૃતિ અને સંસ્થાઓ દ્વારા પણ પૂરતા પગલાં લેવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી.

ગિરનારની પરિક્રમા યાત્રાળુઓને હાર્ટ એટેક આવે તો તાત્કાલિક સારવાર મળી રહે તે માટે વ્યવસ્થાઓ કરાશે. આ ઉપરાંત કર્મચારી અધિકારીઓને સીપીઆરની ટ્રેનીંગ પણ અપાશે. પોલીસ વિભાગ દ્વારા જરૂરી બંદોબસ્ત ગોઠવવામાં આવશે તેમ કલેક્ટરએ જણાવ્યું હતું.

બેઝમેન્ટના હોલમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી ગયું

### સુરતના નુરપુરામાં ઇમારતના બેઝમેન્ટમાં બિલ્ડરે ગેરકાયદે એસી હોલ બનાવી ભાડે આપવાનું શરૂ કર્યું હતું

# સુરત શહેરમાં સામાજિક કાર્યક્રમમાં ગુંગળામણ થતાં ૨૦ મહિલા બેભાન

। પ્રતિનિધિ, સુરત, તા.૮ ।

સુરતના નુરપુરામાં આવેલી ઈમારતના બેઝમેન્ટના હોલમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી ૨૦થી વધુ મહિલાઓ બેભાન થઈ જતા હડકંપ મચી ગયો હતો. નોનવેજ સિઝલર ખાવા માટે મોટી સંખ્યામાં દાઉદી વ્હોરા સમાજના રાત્રિ ભોજન માટે છઝ હોલમાં મહિલાઓ ભેગી થઈ હતી, ત્યારે આ ઘટના સર્જાઈ હતી. મળતી માહિતી અનુસાર, ઝાંપાબજારના નુરપુરામાં આવેલા બેઝમેન્ટમાં હોલમાં દાઉદી વ્હોરા સમાજના રાત્રિ ભોજનમાં મોટી સંખ્યામાં મહિલાઓ ભેગી થઈ હતી. આ દરમિયાન એસી હોવમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી જતાં ૨૦થી વધુ મહિલાઓ બેભાન થઈ ગઈ હતી. આ મહિલાઓને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ગુંગળામણ અને ઓક્સિજન લેવલ ઓછું થઈ જતાં મહિલાઓ સાથે ઘટના બની હોવાનું બુરહાની હોસ્પિટલના તબીબોએ પરિવારના સભ્યોને જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, નુરપુરામાં આવેલી ઈમારતના બેઝમેન્ટમાં બિલ્ડરે ગેરકાયદે છઝ હોલ બનાવી દઈ ભાડે આપવાનું શરૂ કર્યું છે. ત્યારે આ ગેરકાયદે મિલકત સાથે બેઝમેન્ટમાં હોલ બનાવનાર બિલ્ડરને બચાવવા આખી ઘટના છૂપાવવામાં આવી રહી છે.





















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya

CMYK